કનકાભિષેકની ઐતિહાસિકતા

સંપાદકો :

(૧) શ્રી ગોપાલભાઈ સવજીભાઈ પટેલ

D. E. (Civil Engineer)
૧૨/૫, બી. આર. નગર, પટેલ એસ્ટેટ રોડ,
જોગેશ્વરી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૧૦૨.
મોબાઈલ : ૯૮૯૨૪૯૮૮૬૩

(૨) ગો. વા. પ. ભ. શ્રી લલ્લુભાઈ છગનલાલ દેસાઈ

એપ્રિલ ૨૦૦૪
ન્યોછાવર : ૨૫/- પ્રત : ૨૦૦

: પ્રકાશક :
શ્રીવલ્લભાચાર્યજી મતપ્રચારક મંડળ
એ/૧૧, ૩૦૦, શંકરશેઠ બ્લોક્સ,
જાવજી દાદાજી રોડ, નાનાચોક,
ભાજી ગલીની સામે, ગાંધી સર્વોદય બુક શૉપની સામે,
મુંબઈ - ૪૦૦ ૦૦૭
ટે. નં. ૦૨૨-૨૩૮૮ ૦૯૪૪ / ૨૩૮૬ ૪૪૪૦
૦૨૨-૨૨૪૦ ૪૧૯૧ / ૫૬૩૧ ૭૭૭૫

કનકાભિષેકની ઐતિહાસિકતા

સંપાદકો :
(૧) શ્રી ગોપાલભાઈ સવજીભાઈ પટેલ
D. E. (Civil Engineer)
૧૨/૫, બી. આર. નગર, પટેલ એસ્ટેટ રોડ,
જોગેશ્વરી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૧૦૨.
મોબાઈલ : ૯૮૯૨૪૯૮૮૬૩
(૨) ગો. વા. પ. ભ. શ્રી લલ્લુભાઈ છગનલાલ દેસાઈ

એપ્રિલ ૨૦૦૪
ન્યોછાવર : ૨૫/- પ્રત : ૨૦૦

: પ્રકાશક :
શ્રીવલ્લભાચાર્યજી મતપ્રચારક મંડળ
એ/૧૧, ૩૦૦, શંકરશેઠ બ્લોક્સ,
જાવજી દાદાજી રોડ, નાનાચોક,
ભાજી ગલીની સામે, ગાંધી સર્વોદય બુક શૉપની સામે,
મુંબઈ - ૪૦૦ ૦૦૭
ટે. નં. ૦૨૨-૨૩૮૮ ૦૯૪૪ / ૨૩૮૬ ૪૪૪૦
૦૨૨-૨૨૪૦ ૪૧૯૧ / ૫૬૩૧ ૭૭૭૫

कनकाभिषेकनी ऐतिहासिकता.

શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદ તથા પુષ્ટિમાર્ગનો મહાન ઉત્કર્ષ સહન નહીં કરનારા
માયાવાદીઓના નીચ આક્ષેપો. સાડા ચારસો વર્ષ ઉપર આર્ય
તત્વજ્ઞાનના ભવ્ય મહામંદિર ઉપર વિજયધ્વજા ફરકાવનાર
અને વિજયકનકકલશ ચડાવનાર મહાન જગદ્‌ગુરૂ
શ્રીમદ્વલ્લભાચાર્યજીના કનકાભિષેક વિષે સંગીન
પ્રબલ પ્રાચીન પુરાવાઓ, ચર્ચાકર્તાઓના
દ્વેષમૂલક પોકારોની પોકળ પંડિતાઈ !

ભારતવર્ષના જગન્માન્ય જ્યોતિર્ધરો અને અસાધારણ
વિદ્વાનો શું કહે છે ?

[યોજક તથા સંગ્રહકર્તા- રા. રા. લલ્લુભાઈ છગનલાલ દેસાઈ]

પ્રસ્તુત ચર્ચાનું કારણ — પોતે માયાવાદી હોવા છતાં પોતાના ઘરની તો તપાસ કરવી સુઝતી નથી. શંકરાચાર્યજીના જન્મનો સમય પણ હજુ નક્કી થયો નથી. રૂઢિચુસ્ત માયાવાદીઓ **ચોવીસ સો વર્ષ પહેલાં** શંકરાચાર્ય પ્રકટ થયા એમ માને છે જ્યારે હાલમાં મજબૂત ઐતિહાસિક પુરાવાઓ એવા મળ્યા છે કે શંકરાચાર્ય તો વિક્રમના આઠમા સૈકામાં જન્મ્યા છે. આમ માત્ર બારસો વર્ષનું ગાબડું પડયું છે ! વળી શંકરાચાર્યજીની ઉત્પત્તિ વિષે સમાનકાલીન જૈન ગ્રંથોમાં તો ભયંકર તથા અધમાધમ ગલીચ આક્ષેપો છે. એ એવા ખરાબ ભાષામાં લખાયેલા છે કે, તેનો જો અહીં ઉતારો કરીએ તો માયાવાદીઓ પોકરાણ કરી મુકે. વળી તે આક્ષેપો ઐતિહાસિક પણ છે. [જુઓ બાપ્પભટ્ટ સૂરીનું ચરિત્ર] આ પુસ્તક બહાર પડે આજે વર્ષો વીત્યાં, પણ કોઈ માડીજાયો માયાવાદી એ ઐતિહાસિક સત્યનો જવાબ આપવા માટે હજુ તો બહાર પડયો નથી. વળી શંકરદિગ્વિજય નામના કપોલકલ્પિત (અમે આ શબ્દ વાપરવા માંગતા નથી, પણ જ્યારે શ્રીવલ્લભદિગ્વિજયને તેમ કહે તો યક્ષાનુરૂપ બલિ દેવો જ પડે.) ગ્રંથમાં, કોઈપણ બહારના મજબૂત પુરાવા વિના શંકરાચાર્યના દિગ્વિજયના ખાલી બણગાં જ ફૂક્યા છે ! આની વિરૂદ્ધમાં ઘણાં જૈન ગ્રંથો તથા શ્રીરામાનુજસંપ્રદાયના ગ્રંથો પણ છે. શ્રીમધ્વસંપ્રદાયના ગ્રંથો વાંચતાં તો શંકરાચાર્યની વિદ્વત્તા તો દૂર ગઈ, પણ તેમનાં અંગત જીવન ઉપર પણ તિરસ્કાર

ઉત્પન્ન થાય એવી દશા છે. એવી રીતે પોતાના સળગી રહેલાં માયાવાદરૂપ લાક્ષાગૃહમાં બેસીને, પોતાના બચાવની એક પણ બારી ન છતાં, હાલમાં જે મહાન્ સિધ્ધાંતોની મુક્તકંઠે પ્રશંસા સમગ્ર જગતમાં થઈ રહી છે, તે જગદ્‌ગુરૂ શ્રીવલ્લભાચાર્યજીના જીવન ઉપર, દિગ્વિજય ઉપર, સિદ્ધાંતો પર કીચ્ચડ ફેંકવાની ધૃષ્ટતા કરનાર કેટલા પામર અને દયાપાત્ર પ્રાણીઓ હશે તેનો વિચાર તો તટસ્થો જ કરી શકશે. આ નવા પ્રાણીઓના પોકારો તરફ જો કે હાલમાં સંપ્રદાયનો વિદ્વવર્ગ તો ઉપેક્ષા જ રાખે એ જ ઉચિત છે, પણ મારા જેવા કેટલાક હૃદયોમાં એ પોકારોના પડઘા પડતાં, તેના પરિણામે કાંઈ સંદેહ ઉત્પન્ન ન થાય તે માટે આ પ્રયાસ કરવામાં આવે છે.

માલાપ્રસંગની યાદ — ચિદ્રૂપ નામના એક માયાવાદી દંભી દંડી સંન્યાસીએ જ્યારે જ્યારે જહાંગીરી અમલનો આશ્રય લઈને, પુષ્ટિસંપ્રદાયના બાહ્ય ચિન્હો માલાતિલક ઉપર હુમલો કર્યો ત્યારે તેની સામે જગદ્‌ગુરૂ શ્રીગોકુલનાથજીએ જે સત્યાગ્રહના સંગ્રામો આદર્યાં તે ઐતિહાસિક સત્ય ઉપર પણ કુતર્કો થયા. આ જમાનામા શું નથી થતું ? હવે તો એટલુંજ કે, અમે કે તમે અમારા કે તમારા બાપના ખરા દીકરા છીએ તેમાં પુરાવો શો છે ? આવા સવાલો હવે જાહેરમાં થવાના છે ? માલાપ્રસંગની ઐતિહાસિકતા ઉપર એવા આક્ષેપો થયા પછી તે વિષે એક સંગીન વિચારણીય લેખ રા. રા. રામલાલ ચુનીલાલ મોદીએ લખ્યો અને ત્યારબાદ એ વિષેના આક્ષેપો બંધ થયા. હવે કનકાભિષેકનો વારો આવ્યો છે. કહે છે કે, તે વિષે સ્વતંત્ર (બીજાઓનો) પુરાવો કયાં છે ? જોકે માલાપ્રસંગ વિષે પણ બહારના સ્વતંત્ર પુરાવા નહિ જેવા જ ગણાય.મતલબ કે, ઘરના પુરાવા ન ચાલે, બહારના, બીજા સંપ્રદાયના પુરાવાઓ લઈ આવો. કનકાભિષેક માટે ઘરના પુરાવા નહિ ચાલે. શંકરાચાર્યના જન્મ માટેના પુરાવા તો ઘરના જ ચાલે, તેમનાં માબાપ વિષેના, તેમના ચારિત્ર્ય વિષેના, તેમના દિગ્વિજય (!) વિષેના પુરાવાઓનું ચણતર તો ભલેને ઘરની ચાર દીવાલો ઉપર જ કેમ ન થયું હોય ? પોતાના ઘરના ગમે તેવી દશા છતાં અહીં તો પારકાના ઘર ઉપર જ હુમલા કરવા છે ! બીજાઓને હલકા પાડવા છે ! બોલો હવે કાંઈ કહેવું છે ? શંકરાચાર્યની ઉત્પત્તિના બહારના પુરાવાઓ ઘણા ખરાબ હોય તેથી અમને શું ? અમારી શ્રધ્ધા ઘટવાની નથી. અમારે તો વૈષ્ણવોની જે અડગ શ્રધ્ધા છે તેની ઉપર હુમલો કરવો છે. શ્રીવલ્લભાચાર્યજીના કનકાભિષેક વિષે બહારનો પુરાવો લાવો. કોઈ શિલાલેખ, તામ્રપત્ર કે બીજું કાંઈ બતાવો, નહિતર એ બધાને કલ્પિત ગણીશું. આવી પોકલ પોકરાણ થઈ રહી છે. આનો જવાબ આપીએ તે પહેલાં ઘરના એકપક્ષી મજબૂત સંગીન પુરાવાઓથી ઇતિહાસનો નિર્ણય થાય કે નહિ તેને માટે જે મજબૂત દલીલો ઇતિહાસજ્ઞ રા. રા. મોદીએ કરી છે તે અહીં ઉતારીશું. રા. રા. મોદી લખે છે કે —

ઇતિહાસમાં એકતરફી પુરાવો ગ્રાહ્ય છે — એકપક્ષી પુરાવો પણ જો વિશ્વસનીય હોય તો તે ઇતિહાસમાં ગ્રાહ્ય થઈ શકે છે. એના ઇતિહાસમાં ઘણા દ્દષ્ટાંતો છે. ૧. મહાન સિકંદરની હિંદની ચઢાઈ સંબંધી કોઈપણ હિંદી લેખનું પ્રમાણ નથી, છતાં ગ્રીક લેખકોના પુરાવા

ઉપરથી એ બીના ઐતિહાસિક ઠરી છે. ૨. મહમદ ગજનવીની સોમનાથની સ્વારી સંબંધી કોઈપણ બ્રાહ્મણ કે જૈન ગ્રંથમાં નિર્દેશ નથી, ફારસી ગ્રંથોના પુરાવાઓ ઉપરથી જ એનો ઇતિહાસમાં આદર થયો છે. ૩. અલ્લાઉદ્દીન ખૂનીને કરણનો પ્રધાન માધવ ગુજરાતમાં લાવ્યો હતો એ માટે મુસલમાન લેખકોએ કંઈ લખ્યું નથી. પરંતુ ધર્મારણ્ય અને કાન્હડદે પ્રબંધ; એ બ્રાહ્મણ ગ્રંથો ઉપરથી અને તત્કાલિન જૈન ગ્રંથો પરથી એ વાત સિધ્ધ થઈ છે. ૪. સૌથી વધારે અગત્યની બાબત તો સર ટોમ્સ રોની જહાંગીરની મુલાકાત સંબંધી છે. તે ઇગ્લાંડના એલચી તરીકે આવ્યો હતો, અને જહાંગીરને અજમેર મુકામે ઇ. સ. ૧૬૧૬ ના જાનેવારીની ૧૦ મી તારીખે મળ્યો હતો. છતાં જહાંગીરે તુઝકમાં એ સંબંધી ઇશારો સરખોએ કર્યો નથી.

ઉપરના પ્રબલ પુરાવાઓ ઉપરથી સાબિત થાય કે છે, ઇતિહાસમાં એકતરફી પુરાવાઓ પણ સ્વીકારાય છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીના કનકાભિષેકના પુરાવાઓ, તે પ્રસંગના ગૌરવના ઇતિહાસો સાંપ્રદાયિક ગ્રંથોમાં ન જળવાય તો શેમાં જળવાય ? બીજાને એ ગૌરવપૂર્ણ ઇતિહાસો ટાંકવાની શી ગરજ હોય ? તેથીજ સંપ્રદાયના અનેક સંસ્કૃત પ્રાચીન ગ્રંથોમા તેનો ઉલ્લેખ છે. વળી આધુનિક વિદ્વાન્ પુરાતત્ત્વવેત્તા ઇતિહાસજ્ઞ લેખકો પણ કનકાભિષેકની ઐતિહાસિકતા સ્વીકારે છે. હાલમાં ચોમાસામાંના જંતુઓની પેઠે ઉભરી નીકળેલા ચર્ચાપત્રીઓમાંનો એક પણ એવા ઇતિહાસનો અભ્યાસી નથી. અરે અહીં જે પુરાવાઓ ટાંકવામાં આવશે, તે ગ્રંથોના લેખકોના ગૌરવની શતાંશમાં પણ બરોબરી કરી શકે તેવો હમણાંનો એક પણ ચર્ચાપત્રી નથી. આ વાત વૈષ્ણવના હૃદયમાં કોતરી રાખવી રહી. હવે આપણે પુરાવાઓ જોઈએ.

૧. શ્રીગદાધરદાસજીની દીપિકા — શ્રી ગુસાંઈજીના સેવકો પૈકી વૃન્દાવનના દ્વિવેદી ગદાધરદાસજીએ વિ. સં. ૧૬૧૦ માં સંપ્રદાયપ્રદીપ નામનો એક ગ્રન્થ લખ્યો છે. તેમાં લખે છે કે :—

"શ્રીવલ્લભાચાર્યજી વિદ્યાનગરનાં આવ્યા, ત્યાં કૃષ્ણદેવ નામનો રાજા રાજ્ય કરતો હતો ત્યાં મધ્વાચાર્યના વ્યાસતીર્થ નામના યતિ વસતા હતા. ત્યાં રાજસભામાં માયાવાદીઓ વિવાદ કરતા હતા તેઓને શાસ્ત્રાર્થ કરતાં છ દિવસો વીતી ગયા હતા. સાતમે દિવસે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ સાંભળ્યું કે રાજસભામાં વાદવિવાદ થાય છે. એટલે રાજદ્વારે તેઓ જઈ પહોંચ્યા એટલે દ્વારપાલે તેની અલૌકિક પ્રભા જોઈને રાજાને નિવેદન કર્યું. તે પછી રાજા આવ્યા, વિનંતિ કરી, તેથી રાજસભામાં આવી બેઠા. તે વિવાદમાં માયાવાદી તત્ત્વવાદીઓ જીત્યા. તે પછી શ્રીવલ્લભે માયાવાદીઓને આમ કહ્યું કે મને તમે જીતો તો જીત્યા ખરા કહેવાઓ. માયાવાદી બોલ્યો, " ત્યારે તમે પણ આવી જાઓ" શ્રીવલ્લભાચાર્યની સાથે તેનો વિવાદ ચાલ્યો. શ્રીવલ્લભે માયાવાદીને અલ્પ પ્રયાસથી જીત્યો. તે પછી શ્રીવલ્લભાચાર્યનો કનકાભિષેક કર્યો. પછી રાજાએ એમને વિનંતિ કરી કે " હે સ્વામિન્ ! આ દ્રવ્ય તમારે લઈ જવું" ત્યારે શ્રીવલ્લભાચાર્યજી બોલ્યા કે "આ દ્રવ્ય અમારે અંગીકાર કરવા યોગ્ય રહ્યું નથી." જેમ સ્નાન કરેલું પાણી પુન: અંગીકારને

યોગ્ય નથી તેમ." એટલે શ્રીવલ્લભાચાર્યની આજ્ઞાથી એ દ્રવ્ય તેમની પૂર્વે જે બે જણાઓ વિવાદ કરી રહ્યા હતા તેમને આપ્યું.

આથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે કનકાભિષેક થયો છે, એ વાત સત્ય જ છે, આ વાતનો સ્વીકાર તો એક ચર્ચાપત્રી કરે છે, પણ કહે છે કે, તે તો ઘરનો પુરાવો છે ! હવે તો બહારના, હવાના કે આકાશના પુરાવાઓ જેવા કે હવાઈ મહેલ, આકાશના પુષ્પો બતાવવા રહ્યા !

૨. સાવલી (ગુજરાત-વડોદરા રાજ્યના તાબાનું ગામ છે) તેમાં ખોદકામ કરતાં **મળી આવેલો લેખ** (મુંબઈ-ગુજરાતી પત્રના સં. ૧૯૭૬ ના દીવાળીના અંક ઉપરથી) તેમજ **"પુષ્ટિમાર્ગનો ઇતિહાસ"** (લેખક શાસ્ત્રી વસંતરામ) નામના પુસ્તકમાંથી.

સં. ૧૯૭૬ ના આસો માસમાં સાવલી ગામમાં એક કુવો ખોદતાં કેટલાક પ્રકીર્ણ લેખો મળી આવેલા હતા કે જેની સવિસ્તર હકીકત ગુજરાતી પત્રના દીવાળીના અંકમાં સં. ૧૯૭૬ માં છપાઈ છે. તે ઉપરથી શાસ્ત્રીજી વસંતરામે શ્રી પુષ્ટિમાર્ગના ઇતિહાસ એ નામે પુસ્તકમાં છપાવી છે. જેમાંથી કેટલીક હકીકત આપીએ છીએ.

" સાવલી ગામમાં નારાયણ મઠ નામની જગ્યામાં પંડિત શ્રીયુત રાજેન્દ્રનાથ રહે છે તેમણે કૂવો ખોદવા માંડયો, એક શ્રીબાલકૃષ્ણલાલજીની મૂર્તિ-સ્વરૂપ તથા કેટલીક ચીજો તાડપત્ર ઉપર લેખ, ચરણપાદુકા વગેરે મળી આવેલું.

તાડપત્ર ઉપર સંસ્કૃત લેખ છે. તેમાં લખે છે કે :—

१ विद्यापत्तनम् श्रीनृसिंहवर्य सार्वभौम स्वस्ति श्री साम्राज्ये मीन मासे ११ लोकगुरु-आचार्य चक्रवर्ति श्रीप्रभु वल्लभहेमाभिषिक्तम्.

આ સિવાય સંસ્કૃતમાં ઘણો આખો લેખ છે. (જુઓ શ્રીપુષ્ટિમાર્ગનો ઇતિહાસ પા. ૧૯) એ આખા લેખનો ગુજરાતી અર્થ :—

વિદ્યાનગર-શ્રીનૃસિંહ વર્મા ચક્વર્તિ કલ્યાણકારી સામ્રાજ્યમાં મીન માસમાં-ચૈત્ર માસમાં એકાદશીનાં રોજ લોકગુરૂ આચાર્ય ચક્વર્તિ શ્રીપ્રભુ વલ્લભનો સુવર્ણાભિષેક થયો.

સાત દિવસ સુધી ભટ્ટારકને (આચાર્યશ્રીને)અભિષેક થયા પછી પૃથ્વી, દેવ, દક્ષિણા, સવા લાખ સોના, ચાંદી અને તાંબાના સિક્કાઓ નિવેદન કર્યા.

ગાય, હાથી, બળદ, ઘોડા, એ કર્મ કરનારાઓને આપ્યું.

દ્વાદશીના રોજ અરૂણોદય વેળાએ વહાણમાં-મહારાણી મુખ્ય પટરાણી મીનાક્ષી દેવીએ પોતાના હાથે અભિષેક કરતા કે કરાવતા આચાર્યશ્રીને ચાંદી વડે અભિષેક કર્યો.

ખોદકામ કરતાં મળેલી ચીજો બધી કામવનમાં શ્રીદેવકીનંદનાચાર્ય પ્રાચીન સંગ્રહાલયમાં જાળવી રાખવામાં આવી છે. આ પ્રાચીન લેખનો પુરાવો તાડપત્ર ઉપરનો છે તે ઉપરથી આચાર્યશ્રીને કનકાભિષેક થયાનું સિધ્ધ થાય છે. આથી વિરોધીઓના પુરાવા તદ્દન નકામા-પાયા વિનાના થઈ

જાય છે. એટલું તો તમારે સ્વીકારવું જ પડશે.

૩. શ્રીવલ્લભાખ્યાનકર્તા — પરમ ભગવદીય મહાનુભાવી ગોપાળદાસજી જેઓ તદન મુંગા હતા, પણ શ્રીગુસાંઈજીની કૃપાથી વાચાળ થઈ ગયા અને તત્કાલજ પોતે નવ વલ્લભાખ્યાન ગાયાં તેમાં વલ્લભાખ્યાન બીજામાં :—

કનકસ્નાન શત મણ સુવર્ણ, કરાવ્યું મહીપાળ;
તે મુકી વેગે ચાલીયા, રાય દૃષ્ટિ ન પાછી વાળ.

આ વલ્લભાખ્યાન શ્રીગુસાંઈજીનાં સાંનિધ્યમાં જ પોતે ગાયાં છે તેથી તે પુરાવો વધારે સબળ માની શકાય. તેમ જ આ નવ વલ્લભાખ્યાન જે સ્થળે લખાયાં છે તે સ્થળેને તે મકાન પણ અત્યારે મોજુદ છે. અમદાવાદ પાસે અસારવા ગામ છે. ત્યાં શ્રીગુસાંઈની બેઠક પણ છે. તે સં. ૧૬૧૩ થી ૧૬૧૯ ની આસપાસ લખાયાં છે વળી આ વલ્લભાખ્યાનનો કરોડો વૈષ્ણવો પાઠ કરી ગયા ને હજુ પણ કરે છે.

આ ગ્રન્થની વિશેષ સબળતા એ છે કે ગુજરાતી ભાષાના કાવ્ય ગ્રન્થ ઉપર શ્રી ગો. શ્રીવ્રજરાજી મહારાજની સંસ્કૃતમાં ૫૦૯ પાનાની ટીકા છે. આ ગ્રન્થ કેટલો ભાવવાહી હશે તે આ ઉપરથી મી. રંગીલદાસ જેવા સમજી શકશે કે ? વળી આ ગુજરાતી આખ્યાનો ઉપર વ્રજભાષામાં એક ટીકા શ્રીજીવનલાલજી (મુંબાઈમાં મોટા મંદિરવાળા) એ લખેલી છે અને તેની નીચે સવિસ્તર ભારતમાર્તંડ પંડિત ગટ્ટુલાલાજીએ કરેલું છે.

૪. મુરલીધરદાસકૃત શ્રીવલ્લભાચાર્યચરિતમ્ — આ ગ્રન્થ સંવત ૧૬૧૦ માં લગભગ લખાયો મનાય છે. મુરલીધરદાસ શ્રીગુસાંઈજીના સેવક હતા, તેમણે લખેલો આ ગ્રન્થ ગદાધરદાસનો સમકાલીન છે. જ્યારે ગદાધરદાસ પણ કહે છે કે કનકાભિષેક થયો છે અને આ મુરલીધરદાસ પણ કનકાભિષેક થયાનું સ્વીકારે છે. એક આખ્યાયિકા માટે બે મત સરખા પડે છે. તો મી. રંગીલદાસ ! તમે માત્ર " વ્યાસયોગિચરિતમ્" એકજ ગ્રન્થ ને તે તટસ્થ તો નહિજ કારણ કે તેના લેખક વ્યાસસ્વામીના પક્ષપાતી સાબિત થાય છે તો એક આધારથી તમે કનકાભિષેક નથી થયો બતાવો તે કેવી રીતે પ્રમાણ માની શકાય ? " વ્યાસયોગિચરિતમ્" સં. ૧૫૯૩ માં તેમના જ શિષ્ય સોમનાથ કવિએ લખ્યું છે એમ તમે સેક્શન ૧૦ માં બતાવો છો. જ્યારે ગદાધરદાસ અને મુરલીધરદાસ તે પછી વધુ શોધ કરી સં. ૧૬૧૦ માં બે પુસ્તકો જુદાં જુદાં લખે છે તો કયો પુરાવો સબળ માનશો ? ઉક્ત બે વિદ્વાનોના પુરાવા વધુ મતવાળા જણાય છે. આ ઉપરથી કનકાભિષેક થયો છે એ વાત સર્વથા સત્યજ ઠરે છે. એમાં તમારી એક પણ દલીલને ટેકો મળતો જ નથી.

જુઓ મુરલીધરદાસ શુ કહે છે :—

"शिष्येण सह विशाखानगरे राजसभां प्रविवेश, सनत्कुमारशुकादिवत्, स्वतेजसा राजसभां भासयामास असूयादग्धो मातुलोऽपि सभासीनजनैः सवैभूपालेन चाप्यवशो भूत्वा प्रत्युत्थाय सम्मानयामास राज्ञा भृशं मानितो भूत्वा रत्नासन उपविवेश.तत्पूर्वं तत्र विद्वज्जनैः कृतचर्चायामवैष्णवजयमशृणोत् । स्वयं तदसहमानो राज्ञा च प्रार्थितः साक्षात् वलदेव इव भागवत शास्त्रार्थचर्चाया रिपुसमूहं जित्वा कृष्णराधनामकेन तेन भूपालेन कनकाभिषेकं प्राप्यापि स्वमतस्थापनमात्रैकप्रयोजनत्वाद् भगवदितरनिस्स्पृहत्वं विशदयंस्तीर्थयात्रायां प्रस्थितः ।

ભાવાર્થ :— આચાર્યશ્રીએ શિષ્યો સાથે વિદ્યાનગરની રાજસભામાં પ્રવેશ કર્યો. સનત્કુમાર અને શુકદેવજીવત્ પોતાના તેજ વડે રાજસભાને તેજસ્વી કરવા લાગ્યા. ઇર્ષ્યાથી બળી જતા મામાએ પણ સભામાં બેઠેલા સર્વ જન રાજા સાથે પરવશ થઈને ઊભા થઈ સન્માન કર્યું. રાજાએ અત્યંત સન્માન કરેલા એવા પોતે રત્નના સિંહાસન ઉપર બિરાજ્યા. તે પહેલાં ત્યાં ચાલેલા વિદ્વાનોના શાસ્ત્રાર્થમાં અવૈષ્ણવોનો વિજય (અને વૈષ્ણવોનો પરાજય) સાંભળ્યો. પોતાને તે ન સહન થવાથી અને રાજાની પ્રાર્થનાથી બળદેવજીવત્ શ્રીભાગવતશાસ્ત્રાર્થની ચર્ચાથી પ્રતિપક્ષીઓને જીતીને રાજાએ કરેલા કનકાભિષેકને પામીને પણ માત્ર પોતાના મતને જ સ્થાપવાનું પ્રયોજન હોવાથી ભગવાન સિવાય બીજી વસ્તુમાં પોતાનું નિસ્પૃહપણું પ્રકટ કરતાં પોતે તે છોડીને તીર્થયાત્રામાં પધાર્યા.

૫. પ્રાચીન ગ્રંથનો પુરાવો— શ્રીમદ્વિટ્ઠલેશ્વર પ્રભુના છઠ્ઠા કુમાર શ્રીયદુનાથજી મહારાજશ્રીએ રચેલાશ્રીવલ્લભદિગ્વિજય ગ્રંથમાં (સં. ૧૬૫૮ ફાલ્ગુન સુદ બીજના રોજ રચાયેલા) આ પ્રમાણે ઉલ્લેખ છે :—

ધ્વજાપતાકા આદિથી અલંકૃત મંડપમાં પોતાના યજ્ઞના કનકાભિષેકના અનુષ્ઠાનાર્થ સંપાદિત કનકકલશ તથા સભાના સાહિત્યને સંભાળવાને માટે પહોંચ્યા...... વૈષ્ણવાચાર્ય તથા અન્ય બધાની સંમતિથી શ્રીમદાચાર્યચરણને ઉઠાડીને ૠત્વિક ઉપાધ્યાય તથા રાજા સન્મુખ શુધ્ધ સુવર્ણના પાટલા ઉપર બિરાજમાન કર્યા....... યથાવિધિ પૂજન કરી, પવિત્ર તીર્થ જલોથી મહાભિષેક તથા સામ્રાજ્યાભિષેકના મંત્રોથી આપનો આચાર્ય સામ્રાજ્યાભિષેક કર્યો."

૬.નિજવાર્તા— આ ગ્રન્થ શ્રીગુસાંઈજીના ચતુર્થલાલજી શ્રીગોકુલનાથજીએ લખેલો છે. તેમાં વિદ્યાનગરનો પ્રસંગ ૪ થો પાનું ૭ થી ૧૩ માં આપશ્રી લખે છે કે :- રાજા કૃષ્ણદેવની ધર્મસભામાં ઘણા દિવસથી વાદવિવાદ ચાલે છે. આથી આપશ્રી સભામાં પધાર્યા. રાજા આપને પધરાવવા આવ્યા. આપશ્રી સિંહાસન ઉપર બિરાજ્યા. વાદવિવાદ શરૂ થયો. તેમાં માયાવાદીઓમાં " વિજ્ઞાનાનંદગિરિ" નામના મહાસમર્થ માયાવાદી પંડિત હતા તેની સાથે માયાવાદ અને બ્રહ્મવાદના પ્રશ્નોમાં ૨૭ દિવસ વાદ વાદ ચાલ્યો અંતે તે માયાવાદી નિરૂત્તર થયો તે ઉપરથી એકે

એક વિદ્વાનોને પૂછતાં તેઓ પણ વાદમાં હારી ગયા. આ સભામાં જૈન, બૌદ્ધ, નાનકપંથી, નિરંજની, કબીરપંથી વગેરે ઘણા વિદ્વાનો હતા તે સઘળા નિરૂત્તર થઈ ગયા. આથી આ પ્રશ્નનો વિજય થયો.

" पाछें वैष्णव संप्रदायमेंके रामानुज संप्रदायके हनुमंताचार्य, निम्बार्क संप्रदायके केशवभट्ट काश्मीरी, ओर मध्व संप्रदायके व्यासतीर्थ स्वामी इत्यादि आचार्य संतमहंतहुने विन सवनने कही जो हम श्रीआचार्यजीको तिलक करेंगे ॥ जो आजतें हमारे वैष्णव संप्रदायवारे व्राह्मण सवनके ये राजा भये । ओर आचार्यपदवी दीनी जो हमारे सवनके सिरोमनि ये हे जिनने हमारी वैष्णवता ओर वैष्णव मार्ग राख्यो । यह सुनिके राजा वहोत प्रसन्न भयो ओर कह्यो जो वोहोत आछो,तुम सवननें एसे विचायों हे तो में श्रीआचार्यजी महाप्रभुनको कनकाभिषेक करुंगो. तव सव वैष्णव संप्रदायके आचार्य महंत प्रसन्न भये तव राजा कृष्णदेवने आछो मुहूर्त देखीके आपको शतमण सुवर्ण जलमें डारके कनकाभिषेक करायो, व्राह्मण सवनने तिलक कीयो. सव कोउ श्रीवल्लभाचार्यजी कहवे लगे. एसो नाम वा दिनातें प्रसिद्ध भयो.

આથી વધુ સબળ પુરાવો બીજો કયો હોઈ શકે ? હજીય તમે સમજી શકશો કે નહિ ? રાજા કૃષ્ણદેવની સભામાં થયેલાં વાદવિવાદનું એક પુસ્તક "વિદ્યાનગરમાં બ્રહ્મવાદ" એ પુસ્તક પણ દરેક સંતમહંતો જે જે વિદ્વાનો સાથે પ્રશ્નો અને ઉત્તરો થયેલા તે તેમનાં નામ સાથે સવિસ્તર હકીકત સાથેનું છપાયેલું છે તે મુંબઈ, અમદાવાદ, નડીયાદથી મળી શકશે. જરા જોઈને વિચાર કરી લ્યો.

૭. મોટામાં મોટો પુરાવો—શ્રીનાથજીના નૂપુર- રાજા કૃષ્ણદેવની સભામાં કનકાભિષેક થયાનું દ્રવ્ય કનકસ્નાનજલવત્ ગણી શ્રીવલ્લભાચાર્યજીએ ન સ્વીકાર્યું ત્યારે રાજાએ સુવર્ણ મુદ્રાનો થાળ ભરીને આપ્યો તેમાંથી ૭ સુવર્ણમુદ્રા સ્વીકારી, જેના શ્રીનાથજીના નૂપુર બનાવ્યા છે. તે હાલ પણ મોજુદ છે. આથી કનકાભિષેક થયો છે એ વાત નિર્વિવાદ સિદ્ધ છે. એથી વધુ પુરાવો બીજો કયો હોઈ શકે ?

आपसों श्रीगोवर्धननाथजी श्रीमुखसों कहे जो मोको नूपुर वनवाय देउगे ? तव आप वाहि विरियां तुरत जो राजा कृष्णदेवकी भेटमें तें (७) सात सुवर्णमोहोर जो दैवी द्रव्यकी हती ताको अंगीकार कीये हुते, ता मोहोरनको सुवर्ण देके एक वैष्णवको मथुरा पठायो, ओर वासों कह्यो जो याके वेगि नूपुर वनवाय लाऊ,तव वह वैष्णव वेगि नूपुर वनवाय लायो, सो नूपुर लेके आपने श्रीगोवर्द्धननाथजीको समर्पे.

ઓ ચર્ચાકારો ! કનકાભિષેક થયાના આવા પુરાવા તરફ તમે દૃષ્ટિપાત પણ કરતા નથી? એ કેટલું શોચનીય ગણાય ?તમો છતી આંખે પણ જોવા જ ન માગતા હો તો તમારા બદનસીબપણાં માટે દયા જ આવી રહી.

૮. શ્રીમહાપ્રભુજીની ૮૪ બેઠક ચરિત્ર— (કર્તા શ્રીગોકુલનાથજી, (ચતુર્થલાલજી) વિદ્યાનગરની બેઠક ૪૯ મી. શ્રીઆચાર્યશ્રીએ સમસ્ત હિન્દુસ્તાનમાં ત્રણ વખત પૃથ્વીપરિક્રમા કરી પોતાની ૮૪ બેઠકો સ્થાપિત કરી છે. તે પૈકી ઘણી બેઠકો પ્રગટ દર્શન આપે છે. કેટલીક ગુપ્ત છે, કેટલીક બેઠકોનાં સ્થળ માત્ર જણાય છે, કેટલીક થોડાં વરસો જુઓ પાના ૨૨૭ માં) જો કે આ બેઠક હાલ પ્રગટ નથી પણ કેટલાક વૈષ્ણવો સ્થળ છે એમ માને છે.)

આપ વિદ્યાનગરમેં માયામત ખંડન કરિ બ્રહ્મવાદકો સ્થાપન કીએ. તબ તહાં જેજેકાર ભયો. તબ રાજા કૃષ્ણદેવને બહુત સેવક કરવાયે ઓર આપહુ સેવક ભયો તબ રાજા કૃષ્ણદેવને શ્રીઆચાર્યજીકો કનકાભિષેક કરાયો."

પછી સ્નાનજળવત્ સુવર્ણ આપે ત્યાગ કર્યું ત્યારે રાજાએ સોનામહોરની થાળ ભેટ કરી તેમાંથી માત્ર સાત મહોર આપશ્રીએ લીધી. "તબ રાજાને વિનતિ કરી જો મહારાજ સાત મહોર આપ ક્યોં ઉઠાએ ? યે તો સબ મહોર આપકી હે. તબ આપ આજ્ઞા કીએ જો ઈન મોહોરનકી હમારી આડીસોં કટિમેખલા બનવાઈકે શ્રીજગન્નાથરાયજીકો અંગીકાર કરવાવો."

આ ઉપરથી જોઈ શકાશે કે આ બધા ગ્રન્થોના લેખકે કંઈ પોતાની બડાઈ મારવા લખ્યું નથી પણ સત્ય વાત રજુ કરી છે. આથી પણ શ્રીવલ્લભાચાર્યજીને કનકાભિષેક થયો છે, એમ સાબિત થાય છે.

૯. એક પ્રાચીન ગ્રંથમાંથી વ્રજભાષામાં લખાયેલું ચરિત્ર 'વૈષ્ણવધર્મપ્રકાશ' માસિકમાં બક્ષીજી મગનલાલજીએ પ્રકટ કરેલું છે, તેમાં પણ સાફ ઉલ્લેખ છે.

"યા પ્રકાર જબ માયાવાદી હારે, તબ સગરી સભામેં જે જે શબ્દ હોત ભયો; વૈષ્ણવ સંપ્રદાયકે ચારો મુખીયા કહે જો હમ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીકોં તિલક કરેંગે. હમારે વૈષ્ણવ સંપ્રદાયકે આચાર્યકે શિરોમણિ હૈં. હમારો વૈષ્ણવ ધર્મ રાખે. યહ સુનીકે કૃષ્ણદેવ રાજાને કહી યહ સતમણ સુવર્ણસોં શ્રીવલ્લભાચાર્યજીકોં કનકાભિષેક કરાવેંગેં સો સતમણ સુવર્ણકે પુલ કરાયકેં સો કનકાભિષેક કરાયો. પાછે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી જલસોં સ્નાન કરી ઊંચે સિંહાસન પર બિરાજે. તબ ચારો સંપ્રદાયકે આચાર્ય બ્રાહ્મણ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીકો તિલક કરી, શ્રીવલ્લભાચાર્યજી નામ, જગત પ્રસિદ્ધ ભયો. તબ રાજાને કહી, યહ કનકાભિષેકકો દ્રવ્ય અંગીકાર કરીયે. તબ આપ કહે. યહ, યહ સ્નાનજલવત્ ઉચ્છિષ્ટ જુઠો હમારે કહા કામકો હો? એ દેશદેશકે બ્રાહ્મણ આયે હે તિનકો યહ દ્રવ્ય બાંટી દેહું.

૧૦. કલ્લોલ નામના ગ્રન્થ ઉપરથી વિદ્વન્મંડન નામના ગ્રન્થના ઉપોદ્‌ઘાતમાં નાનુભાઈ નારણદાસ ગાંધી M. A. LL. B. વકીલ શ્રીમદ્વલ્લભાચાર્યજીના જીવનચરિત્રની રૂપરેખામાં લખે છે કે, "બનારસ-કાશી પધારી વિશ્વેશ્વરે (શ્રીકાશીવિશ્વનાથના મંદિર ઉપર) પત્ર બાંધી

(પત્રાવલંબનગ્રન્થ) ૨૭ દિવસ વાદ કરી સમર્થ પંડિતોને જીતી માયાવાદનું ખંડન કર્યું. પછી વિદ્યાનગર કૃષ્ણરાયની સભામાં ૧૬ દિવસ વાદ કરી પાખંડ મતનું ખંડન કરી, બ્રહ્મવાદનું સ્થાપન કર્યું. સર્વ પંડિતોને સહેલાઈથી જીત્યા. રાજા કૃષ્ણદેવે સંતોષ પામવાથી સુવર્ણનો અભિષેક કર્યો. આ સુવર્ણ ઘણું હોવા છતાં સ્નાનોદક ગણી ત્યાજ્ય કર્યું.

આ કલ્લોલ નામનો ગ્રન્થ શ્રીગુસાંઈજીના સેવક ખંભાલીયાના રહીશ ગિરનારા બ્રાહ્મણ કલ્યાણભટ્ટજીનો લખેલો છે. તેથી આ ગ્રન્થનો પુરાવો સબળ માની શકાય. તેમ આ લેખના લેખક પોતે વિદ્વાન સ્કોલર છે તેથી તે પ્રમાણે ગણાય જ.

૧૧. શ્રીવલ્લભવેલ— શ્રીગુસાંઈના ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથના એક સેવક "કેશવદાસ કવિ" થઈ ગયા જેઓ શ્રીગોકુલનાથજીના ખાસ ભરૂચી સેવક છે. તેઓએ શ્રીવલ્લભવેલ નામનું કાવ્ય રચ્યું છે તેમાં પોતે જણાવે છે કે :—

ખંડી માયાવાદ પોતે, સાકાર બ્રહ્મને સ્થાપીયા;
કરી માયાવાદી જીતવાને, વિદ્યાનગર પાઉધારીયા. ૮

ત્યાં તત્ત્વવાદી માયાવાદી, વાદ કરે તેણીવારે;
રાજા કૃષ્ણરાય આગળ થાતાં, સોળ દિવસ થયા ત્યારે. ૯

કરી પોતે વાદ માયા, જીતી ખંડ પાખંડ;
બ્રહ્મવાદ તે સ્થાપ્યો નિર્ભય, મહાપ્રતાપ પ્રચંડ. ૧૦

રીઝી નૃપમણિ સ્નાન કનકે, કરાવ્યું કર જોડી.
સોળ સહસ્ત્ર તે મોહોર થઈ, તેના પૂર્યા મનના કોડ. ૧૧

અંગીકાર ન કર્યો દ્રવ્યને, પાદોદકવત્ જાણી; ૧૧½

આ કેશવકવિ પણ શ્રીગોકુલનાથજીના સમકાલીન હતા એટલે આ લેખ સપ્રમાણ માની શકાય, પુષ્ટિમાર્ગમાં હાલની પધ્ધતિ મુજબ વિગતવાર ઇતિહાસ લખવાનું કાર્ય શ્રીગોકુલનાથજી (૪થા લાલજી) ના અનન્ય સેવકોએ કર્યું છે. આવી તવારીખ તો કોઈ પણ સંપ્રદાયમાં લખેલી મળી આવશે નહિ. શ્રીકલ્યાણભટ્ટજી આદિ શ્રીગોકુલેશજીના સેવકોએ સર્વ સ્થળે શ્રીવલ્લભાચાર્યજીના કનકાભિષેકનો મહાન પ્રસંગ માનીને નોંધી લીધો છે. માત્ર તેઓ શ્રીવલ્લભાચાર્યજીનાં પ્રાકટ્યની સાલ સં ૧૫૩૫ ને બદલે સં. ૧૫૨૯ માને છે અને કનકાભિષેક ૩૦ વર્ષની ઉંમર પછી લગ્ન થયા પછી થયો છે એવો સ્પષ્ટ ઉલ્લેખ એ ગ્રંથોમાં મળે છે. વિજયનગર અને કૃષ્ણદેવરાજાના ઇતિહાસની સાલ સરખાવતાં આ વાત બંધબેસતી થાય છે. કનકાભિષેક તો બધા સ્વીકારે છે.

૧૨. શ્રીમૂલપુરૂષ :— (કર્તા ગો. શ્રીદ્વારકેશજી મહારાજ) આપશ્રી આજ્ઞા કરે છે કે :—

છંદ :— ઠાડે સબ સ્તુતિ કર જબ,કિયો માયામત ખંડન;
શબ્દ જે જે હોત સબ મુખ, ભક્તિપંથ ભુવમંડન.

સ્તુતિ કરે દ્વિજ હાથ જોરેં, રાય મસ્તક નાવહી;
પરમ મંગળ હોત હે, કનકાભિષેક કરાવહી.

પાછે જલસોં ન્હાય વિરાજે, વિનતિ કરી રાયે મન સાજે.
દ્રવ્ય સબે અંગીકૃત કરીયે, પ્રભુ બોલે યહ નાંહી ગ્રહીયે.

છંદ :— ગ્રહીએ નાહિન સ્નાન જલવત્ બાંટ સબકો દીજીએ;
બાંટ દીનો કરી વિનંતિ, મોહિ શરણ જુ લીજીએ.

કૃપા કરકે શરણ લીનો. થાર ભરી મોહોરે ધર્યો.
સપ્ત લેકેં કહ્યો દૈવી, દ્રવ્ય અંગીકૃત કર્યો.

શ્રીગુસાંઈજીના પંચમલાલજી શ્રીરઘુનાથજીના વંશજ શ્રીદ્વારકેશજી મહારાજ જેમનો જન્મ ૧૫૦ વર્ષ પહેલાં થયો હતો. તેમણે એ અરસામાં લખ્યો છે.

૧૩. શ્રીવલ્લભવિલાસ ગ્રન્થ ભાગ ૧ લો, પા. ૧૨ કાશીમાં છપાયેલો પ્રાચીન ગ્રન્થ છે. તેમાં પણ લખે છે કે :—

"श्रीमद्वल्लभाचार्यजी अनेक देशांतरमें मायावादीओकों परास्त करि, विद्यानगर राजा कृष्णदेवकी सभामें पधारि, मायावादरूपी अंधकारको नाश करी, अपने भक्तिमार्गके सिद्धान्तरूपी तेजको प्रकाश कीयो. अर्थात् मायावादको खंडन करी ब्रह्मवादको स्थापन कीयो. और वैष्णवसंप्रदायकी उत्कृष्टता बताई ता समें चहुं ओर तें वडो जेजेकार शब्द होत भयो. राजा साष्टांग दंडवत् करी कनकाभिषेक सौ. १०० मण सुवर्ण तें करायो. सभाके पंडित महंत आदि सब ठाडे होय अत्यंत गदगद हृदयसो श्रीमदाचार्यजी महाप्रभुनको स्तुति करत हे. XXX पाछे सब आचार्यनने श्रीआचार्यजी महाप्रभुनको तिलक कियो.

૧૪. ભારતમાર્તણ્ડ શું કહે છે ?— ભારતમાં સુપ્રસિદ્ધ અને જગત્માન્ય વિદ્વાન ભારતમાર્તંડ પંડિતવેદાંતભટ્ટાચાર્ય શ્રીગટ્ટુલાલજી તત્ત્વાર્થદીપનિબંધની સંસ્કૃત પ્રસ્તાવનામાં લખે છે કે–

तुंगभद्रातीरे विद्यानगरे सकलवैष्णवविप्लावकान् बद्धपणान् वादिगणान् विजित्य सायणमाधवद्वारा वेदभाष्यकारयितुर्वीरबुक्कराजस्य पौत्रं कृष्णदेववर्माणं महीदेवमुल्लास्य,...

૧૫. એજ ભારતમાર્તંડના મહાન્ શિષ્ય સદ્ગત્ શીઘ્ર કવીશ્વર શ્રીનંદકિશોરજી લખે છે કે :—

दक्षिणापथप्रथितं तुंगभद्रातीरवर्तिविद्यानगराधिपतेः कृष्णदेवनरेन्द्रस्य सदसि सकलवादि वृन्दविजयाभिद्योतककनकाभिषेकविशेषितवैदुष्यातिशयविस्मापितसकलजनसमाजा:....।।

૧૬. નિત્યલીલાસ્થ ગોસ્વામી શ્રીગોકુલાધીશજી મહારાજ પણ લખે છે કે :—

राज्ञा प्राज्ञभिमतिभरितोद्दामदुर्वादिजेता वाचां नेता भुवि विजयते क्लृप्तहेमाभिषेक:।।

આ શ્લોક ઉપરની ટીકામાં ભારતમાર્તંડ લખે છે કે —

राज्ञा कृष्णदेवाख्येन क्लृप्तहेमाभिषेक: रचित: कनकाभिषेको यस्य तादृश: । अथाभिषेकसुवर्णमेतदंगीकार्यमिति विज्ञापिते सति स्नानसलिलसदृशं नास्माभिरिदमादीयते इत्युक्तवंत : ।

૧૭. હિન્દી ભાષાના જનકસમા ભારતેન્દુ શું કહે છે કે ?— જેમને ભારતવર્ષ રાષ્ટ્રીય ભાષા હિન્દી ભાષાના પિતા માને છે. જેઓ એક પ્રખર ઇતિહાસજ્ઞ અને પુરાતત્ત્વવેત્તા, અંગ્રેજ ભાષાના પણ અસાધારણ વિદ્વાન, તે ભારતેન્દુ બાબુ હરિશ્ચંદ્રજી પોતાના 'શ્રીવલ્લભીય સર્વસ્વ' નામના લેખમાં સ્પષ્ટ લખે છે કે :—

"तव राजाने सव पंडितोंसे जयपत्र लिखवा कर उस पर अपनी मुहर कर के इन को दिया और सव पंडितो और मतके आचार्योंनि मिलकर आचार्यपदवीसे महाप्रभुजीको पुकारा। राजा कृष्णदेवने कनकाभिषेकसे आपकी पूजा कि और सपरिवार शरण आकर सेवक हुआ ।।"

૧૮. સંપ્રદાયના અગ્રગણ્ય વિદ્વાન, ધર્મશાસ્ત્રગ્રન્થોમાં મહાન્ નિપુણ, પુના ડેક્કન કોલેજના સંસ્કૃતનાં પ્રોફેસર શાસ્ત્રીજી મગ્નલાલ ગણપતરામ M. A. શું કહે છે– " વિદ્યાનગરમાં કૃષ્ણદેવ રાજાએ વૈદિક સિધ્ધાન્તનો નિર્ણય કરાવવા ઋષ્યશૃંગના શાંકરયતિવર નૃસિંહ યતિ, માધ્વસંપ્રદાયી વ્યાસતીર્થ, રામાનુજ સંપ્રદાયી હનુમદાચાર્ય, નિંબાર્કસંપ્રદાયી કેશવાચાર્ય આદિ અનેક વિદ્વાનોને નિમંત્રણ કરી વાદશાળામાં વાદ પ્રારંભ કરાવ્યો હતો. વૈષ્ણવાચાર્ય પ્રાય: પરાસ્તવત્ થયા. એવામાં શ્રીવલ્લભાચાર્યજી ત્યાં પધાર્યા. વાદશાળામાં પધારતાં તેજ:પુંજથી ચક્તિ થઈ રાજાએ સન્મુખ આવી કનકસિંહાસનપર શ્રીવલ્લભાચાર્યજીને પધરાવ્યા. પોતે દશ દિવસ સુધી માયાવાદી સાથે વાગ્યુધ્ધ કરી, તે સર્વને પરાસ્ત કરી, વૈષ્ણવ સિધ્ધાંતનું ખંડન કરી, વિષ્ણુસ્વામિસિધ્ધાન્તનું સવિશેષ સ્થાપન કર્યું.

અવશિષ્ટ આઠ દિવસમાં સાંખ્યમીમાંસાની સમીક્ષા કરી, સર્વ આચાર્યો સમક્ષ વાગીશત્વ પ્રકટ કરી, નિર્મલ કર્મમાર્ગ, શુદ્ધ જ્ઞાનમાર્ગ અને નિરૂપાધિ ભક્તિમાર્ગનું સંસ્થાપન કર્યું. તેથી સર્વ સંશયની અત્યંત નિવૃત્તિ થઈ જવાથી રાજાએ કનકાભિષેક કરાવ્યો. સમર્પેલી દક્ષિણામાંથી સપ્તનિષ્ક માત્રનો અંગીકાર કરી, રાજાને શરણે લઈ, તેણે આપેલા છત્ર, ચામર, આદિ આચાર્યચિહ્ન ગ્રહણ કરી પાંડુરંગ વિઠ્ઠલનાથ પધાર્યા."

ભાઈ રંગીલદાસ! આવા મહાન્ સમર્થ વિદ્વાનનું આવું મન્તવ્ય છે ત્યાં આગળ આપની કોઈપણ દલીલ કે જે માત્ર એકદેશીય છે તે ટકી શકતી જ નથી. અર્થાત્ એ તમારી દલીલોને ઊભા રહેવાનું સ્થાન જ નથી. તમે લખો છો કે રા. રા. મગનલાલ શાસ્ત્રીને લખાણ કરવામાં આવ્યાં પણ ખુલાસો જ નહિ. આ ઊપરથી તમે માની બેઠા કે કનકાભિષેક થયો નથી ! વાહરે ! તમારૂં મંતવ્ય ! મગનલાલ શાસ્ત્રી કોણ ? તે તમે જાણો છો ? જુઓ સંપ્રદાયના પ્રખર પંડિત, અસાધારણ વિદ્વાન્, ધર્મગ્રન્થોના ઉચ્ચ અભ્યાસી, ઊંચી કક્ષાના ભગવદીય, એમની અજોડ વિદ્વત્તા. તેમને તમે પૂછો છો-શું જવાબ આપે ? તમે કેટલા ગ્રન્થો જોયા છે ? વાંચ્યા છે ? માન્ય કર્યા છે ? તમે કાંઇ જાણતા નથી, બીજાં પુસ્તકો વાંચતા નથી, તો પછી તમને પૂછવાનો હક્ક જ કયાં રહે છે ? તમને શેનો જવાબ આપે ? ને શું જવાબ આપે ? સૈકાઓ થયા તમારા કરતાં અનેક વિદ્વાનો શોધખોળ કરી પ્રતિપાદન કરી ચૂક્યા છે, ગ્રન્થો લખી ચૂક્યા છે તે તમે જુઓ પણ નહિ ને અધ્ધરીયું પૂછવા જાઓ તેમાં તમારો દહાડો શો વળે ?

૧૯. સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન અને 'વિદ્વન્મંડન' જેવા મહાન્ ગ્રંથોના અનુવાદ કરનારા રા. રા. નાનુલાલ નારણદાસ ગાંધી M. A. LL. B. 'પુષ્ટિપાઠાવલીમાં' લખે છે કે :—

"શ્રીવલ્લભ દક્ષિણમાં વિદ્યાનગર પધાર્યા. ત્યાં વિદ્યાનગરમાં માયાવાદીઓને સહેલથી હરાવ્યા તેથી સંતુષ્ટ થઈ ત્યાંના રાજા કૃષ્ણરાયે તેમનો સુવર્ણાભિષેક કર્યો. અભિષેકવાળું સુવર્ણ સ્નાનજલ તુલ્ય હોવાથી શ્રીવલ્લભે તેનો અંગીકાર ન કર્યો."

સાંપ્રદાયિક પુરાતત્ત્વવેત્તા શું કહે છે ?

પુષ્ટિમાર્ગના મહાન્ અભ્યાસી અને ગ્રંથપ્રકટકર્તા તેમજ વિશ્વવિદ્યાલયનું વેદાંતપારિતોષિક મેળવનાર ઇતિહાસજ્ઞ તથા પુરાતત્ત્વવેત્તા સદ્ગત સાક્ષર શ્રીયુત તેલીવાલા એક અંગ્રજી ભાષણમાં કહે છે કે :—

૨૦. "વિદ્યાનગરમાં રાજા કૃષ્ણદેવે શ્રીવલ્લભાચાર્યજીનો કનકાભિષેક કરીને ભારતવર્ષના તે સમયના મુખ્ય આચાર્યશ્રીનું પદ સમર્પ્યું"

આ ઉપરાંત તેઓ રશ્મિનામક શ્રીમદાણુભાષ્યની 'પ્રકાશ' નામની ટીકાની ટીકા પ્રકટ કરતાં, શ્રીમદાચાર્યશ્રીનું અંગ્રેજીમાં જીવનચરિત્રમાં લખતાં એ જ હકીકત દર્શાવે છે.

તે ઉપરાંત 'સિધ્ધાંતરહસ્ય ગ્રંથ'ની અંગ્રેજી પ્રસ્તાવનામાં લખે છે કે :—

૨૧. "વિજયનગર અથવા વિદ્યાનગરના મહાન હિન્દુ રાજ્યમાં કૃષ્ણદેવરાય નામનો અત્યન્ત શક્તિમાન પ્રભાવશાળી અને વૈષ્ણવ રાજા રાજ્યાસનને શોભાવતો હતો. તે સમયમાં પ્રચલિત સર્વ સંપ્રદાયના પ્રતિનિધિઓની તેણે એક પરિષદ બોલાવી હતી. જ્યારે આચાર્યશ્રીએ વિજયનગરમાં પ્રવેશ કર્યો ત્યારે આ પરિષદ ચાલુ હતી. અને માયાવાદના કોઈ પ્રતિનિધિ તથા મધ્વસંપ્રદાયના વ્યાસતીર્થ વચ્ચે ધાર્મિક વિગ્રહ ચાલી રહ્યો હતો. શાંકરોના યુક્તિ પ્રયુક્તિ યુક્ત આક્ષેપો આગળ મધ્વના દ્વૈતવાદને ટકવું દુષ્કર થઈ પડયું હતું. આવા અણીના પ્રસંગે શ્રીમદ્ આચાર્યજીએ સર્વ વાદીઓને પોતાની અથાગ વિદ્વત્તાથી અને પ્રમાણપુરઃસર સબલ યુક્તિ પ્રયુક્તિથી નિરાસ કર્યા હતા. આ ઇતિહાસને શંકાની દૃષ્ટિથી જોવાનું કંઈ પણ કારણ નથી. કારણ કે શ્રીમદ્વલ્લભાચાર્યનું દૃષ્ટિબિન્દુ સર્વથી વિલક્ષણ હતું. શંકરના માયાવાદના આશ્રય વિના તેમણે શુદ્ધ અદ્વૈતનો સ્વીકાર કર્યો, તેવી અદ્વૈતવિરૂદ્ધની મધ્વાદિની દલીલો પણ શુધ્ધાદ્વૈત આગળ નિર્બલ થઈ ગઈ. આચાર્યશ્રીના અદ્વૈતપૂર્વક ભક્તિના સ્વીકારથી વૈષ્ણવો તેમજ શાંકરો નિરૂત્તર થઈ ગયા. આ તત્ત્વ કંઈ તદ્દન નૂતન પણ ન હતું. 'વેણીસંહાર' નામક પ્રસિદ્ધ નાટકના કર્તા નારાયણ ભટ્ટ પણ ઉપનિષદુક્ત શુધ્ધાદ્વૈત અને ભક્તિમાર્ગના એકવાક્યતા કરતાં આવા જ કોઈ મતને માનતા હોય એમ લાગે છે. ગમે તેમ હો, પણ એટલું તો નિઃસંશય છે કે શ્રીમદ્વલ્લભાચાર્ય કૃષ્ણદેવરાય, વ્યાસતીર્થ અને તત્ત્વચિન્તકોના મન ઉપર અતીવ પ્રબલ છાપ પાડી હતી. આ અધિવેશનના અંતમાં કૃષ્ણદેવરાયે શતમણ સુવર્ણથી આચાર્યશ્રીનો કનકાભિષેક કર્યો, પરંતુ એવું કહેવાય છે કે આચાર્યજીએ આ સુવર્ણનો સ્વીકાર ન કર્યો, અને ત્યાંથી આગળ પ્રયાણ કરવાની તૈયારી કરી. શ્રીમદાચાર્યચરણના આવા પ્રકારના ત્યાગથી ત્યાં ઉપસ્થિત થયેલા સર્વ કોઈને તેમને માટે માનની લાગણી વૃધ્ધિ પામી. માધ્વ વ્યાસતીર્થે તો પોતાની પાછળ પોતાના મઠના અધિપતિ થવાને આપશ્રીને વિનંતિ પણ કરી. વ્યાસતીર્થે કૃષ્ણદેવરાયની સાથે પુનઃ શ્રીમદાચાર્યચરણની પાસે જઈને અમૂલ્ય વસ્તુઓની ભેટ કરી. એવું કહેવાય છે કે આ બધી ભેટમાંથી શ્રીમદ્આચાર્યજીએ હીરા, પન્નાદિથી જડિત એક સુવર્ણ મેખલા તૈયાર કરી વિજયનગરના વિઠ્ઠલ સ્વામીના મંદિરમાં શ્રીવિઠ્ઠલેશને સમર્પણ કરી, અંતમાં એમ લાગે છે કે આચાર્યશ્રી સ્વયં અદ્વૈતી હોવાથી દ્વૈતી વ્યાસતીર્થની વિનંતિ ન સ્વીકારી શક્યા. પરંતુ તે સમયથી તેઓશ્રીની એક મહાન્ આચાર્ય તરીકે ગણના થવા લાગી.

ભાઈ રંગીલદાસ! સદ્ગત્ શ્રી. તેલીવાળાએ પોતે સંશોધન કરીને ચોક્કસ નક્કી કર્યું છે કે આચાર્યશ્રીને કનકાભિષેક થયો છે ને વાર્તા સત્ય છે. તમે શ્રી. તેલીવાળાની માન્યતા ખોટી ઠરાવો છો. પણ જરા જોશો? તેલીવાળા કેટલું અગાધ જ્ઞાન ધરાવતા હતા? વેદાન્તના તત્ત્વજ્ઞાનના જ્ઞાતા અને વૈષ્ણવ સંપ્રદાયના સંસ્કૃત સાહિત્યના પ્રકાશક હતા. તેની તમને ખબર છે કે?

નામદાર સરકારની બોમ્બે યુનિવર્સિટી તરફથી સુજ્ઞ ગોકુલજી ઝાલા વેદાન્ત પ્રાઈઝનો નિબંધ ઇ. સ. ૧૯૧૫ માં થવાનું જાહેર થયેલું તે નિબંધ પોતે લખ્યો. તેના પરીક્ષકોમાં કોણ હતા? જાણીતા વિદ્વાન પ્રો. આનંદશંકર ધ્રુવ M. A. LL. B. તથા ડેક્કન કોલેજના પ્રોફેસર ડો. બેલ્વલ્કર હતા. જો કે પરીક્ષકો શાંકર મતના હતા તો પણ સદરહુ ઇનામી નિબંધ તેમનો પાસ થયો. તેમણે ઇનામ મેળવ્યું છે, એમની એ વિદ્વત્તા આગળ તમારૂં જ્ઞાન કેટલું ટકી શકે એવું છે?

ભાઈ રંગીલદાસ! તમારા લેખના સેક્શન (૨) માં તમે લખો છો કે "કનકાભિષેકનાં પોઝીટીવ" સ્પષ્ટ પુરાવા કયા છે? આપ જરા આ નીચેનો લેખ ધ્યાનપૂર્વક વાંચી જોશો તો જણાશે કે તમે જે વ્યાસચરિત એકજ ગ્રન્થ ઉપર આધાર રાખો છો તે કરતાં આ તાડપત્ર ઉપરનો પુરાવો તેથી હજારગણો સબળ ગણી શકશો કે? આથી સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે તમે માત્ર શ્રીવલ્લભાચાર્યજીના કનકાભિષેક પ્રત્યે દ્વેષ ધરાવી બીજા પુરાવા જોયા જ નથી અથવા દેખાતા હોય તો તે તરફ તમે દુર્લક્ષ આપ્યું છે તે સાબિત થાય છે.

ભાઈ રંગીલદાસ? તમારા લેખના સેક્શન ૧૩ માં "શ્રીવલ્લભાચાર્યજી વ્યાસરાયના શિષ્ય થયાનો પુરાવો" એ હેડીંગ નીચે શ્રીગોવર્ધનનાથજીની પ્રાગટ્ય વાર્તા આવૃત્તિ ૨ જી પૃષ્ઠ ૩૪-૩૫ ઉપરનો પુરાવો ટાંકી વાચકોને અવળે રસ્તે દોરવવા કેટલો ઊંધો અર્થ કરો છો એ શું આપને છાજે છે? જુઓ આ રહ્યો તે પુરાવો. વિદ્યા ગમે તે યોગ્ય માણસ પાસે ભણી શકાય છે. એ ન્યાયે આચાર્યશ્રી માધવેન્દ્રપુરી પાસે ચાર વેદ, છ શાસ્ત્ર, માત્ર ચાર મહિનામાં જ ભણ્યા હતા આ હકીકત તમે બતાવવા નથી પરંતુ માધવેન્દ્રપુરી મધ્વ સંપ્રદાયના આચાર્ય હતા તેથી શું આચાર્યશ્રી વ્યાસરાયના શિષ્ય થયા એમ કેમ માની શકાય? આ તમારો ભ્રમ છે. હજુ પણ ફરીથી તમે વાંચી જશો તો સ્પષ્ટ જણાશે કે આચાર્યશ્રી માત્ર ચાર મહિનામાં જ વેદ શાસ્ત્ર ભણ્યા તો કેટલી સમર્થ વ્યક્તિ હશે તેનો જરા ખ્યાલ કરો? આવા ભ્રમમૂલક અર્થ કરી જનતાને ઊંધે રસ્તે દોરો છો. વૈષ્ણવો તો સારી પેઠે સમજે છે, જાણે છે, માને છે કે કનકાભિષેક થયો છે તે સત્ય જ છે. તમારા જેવા એકના કહેવાથી કંઈ વૈષ્ણવોને અસર થાય તેમ નથી.

ભાઈ રંગીલદાસ! તમારા લેખના સેક્સન ૫ માં લખો છો કે — "શ્રી. તેલીવાળા અને મી. શાહ (નટવરલાલ) શ્રીવલ્લભાચાર્યને કનકાભિષેક થયાનું લઈ દોડયા છે. તેઓએ કેવળ વિપરીત અર્થજ કાઢેલો છે." આ તમારુ મંતવ્ય કેટલું ખરૂં છે? તે તપાસીએ :—

તમે માત્ર વ્યાસયોગિચરિતમ્ કે જે વિશ્વસનીય મનાતું નથી તેજ ફક્ત એક જ ગ્રંથ સામે દૃષ્ટિ કરી મીટ માંડી રહ્યા છો પણ આજુબાજુ નજર ફેરવતા જ નથી. વેણુનાદ માસિક વર્ષ ૨ નું અંક ૬-૭ પૃષ્ઠ ૧૪૨-૧૪૩ વાંચો તો જરા શ્રી તેલીવાળા શું કહે છે?

"દક્ષિણમાં વિદ્યાનગરમાં કૃષ્ણદેવરાજાને ત્યાં વૈષ્ણવમાર્ગીઓ અને માયાવાદીઓ વગેરે બહુવાદીઓ વાદ કરવાને મળ્યા હતા. તેમાં કોઈનો જય પરાજય ન થયો તેથી રાજાને ખેદ થયો.

આ સમયે આચાર્યશ્રી ત્યાં પધાર્યા. વેદશાસ્ત્ર વગેરે યુક્તિઓથી સર્વ વિદ્વાનોનો પરાજય કર્યો. ત્યારે સર્વસામર્થ્યથી સંયુક્ત શ્રીવલ્લભાધીશને રાજાએ કનકાભિષેક કરાવ્યો અને એ દ્રવ્યનો સ્વીકાર કરવાનું રાજાએ કહ્યું ત્યારે આપશ્રીએ સ્નાનનું ઉચ્છિષ્ટ દ્રવ્ય અગ્રાહ્ય છે એમ કહેતાં રાજાએ ફરીથી બહુ દ્રવ્ય નિવેદન કર્યું. તેમાંથી પ્રભુએ સાત હેમમુદ્રા સ્વીકારી વગેરે.

મી. રંગીલદાસ! તેલીવાળાની કેટલી યોગ્યતા છે તે જાણો છો? પ્રાચીન ગ્રન્થની શોધખોળ માટેનો રીસર્ચ કરનારા, સાંપ્રદાયિક ગ્રન્થોમાં રત્ન જેવા નિબંધ, સુબોધિનીજી, બ્રહ્મસૂત્ર ઉપર અણુભાષ્ય રશ્મિ જેવાં ઉત્તમ કોટિનાં ૪૦ ઉપરાંત પુસ્તક પ્રકટ કરનાર બેસ્ટ સ્કોલર હતા, તેવાનું કહેવું તમે સમજ્યા જ નથી, માટે હજુ પણ સાંપ્રદાયિક ગ્રન્થો ભણો ને પછી કહેવા બેસો.

મી. રંગીલદાસ! તેલીવાળાએ આખી જીંદગી સંપ્રદાયને ચરણે અર્પણ કરી હતી, એમની અપૂર્વ વિદ્વત્તાના બળે સારા હિન્દુસ્તાનમાં તેઓ વિદ્વાન તરીકે મનાયા ને પૂજાયા છે. તેમણે જેટલા ગ્રન્થો જોયા છે તેટલાં પાનાં તમે દીઠાં પણ નહિ હોય. તમારા લેખ ઉપરથી તો મનાય છે કે તમે સંપ્રદાયનો એક પણ ગ્રન્થ જોયો જ નથી. એટલુંજ નહિ, બહારનાં પણ પુસ્તકો જોયાં જણાંતા નથી. શ્રીવલ્લભાચાર્યજીના જીવન ચરિત્ર ઉપર એટલો પ્રકાશ પડે છે કે તમે તો અંજાઈ જાઓ. કયાં તેલીવાળાની યોગ્યતા, કેટલા સંસ્કૃત ગ્રન્થો તેમણે લખ્યા છે ને કયાં તમે! તમને તો સંસ્કૃત સમજતાં આવડતું હશે કે કેમ? તે જ મને તો શંકા છે, એવા સમર્થ વિદ્વાન શોધક ને તત્ત્વજ્ઞાની તેમને તમે ખોટા ઠરાવો છો એમાટે તો તમે અનેક જન્મો લેશો તો વ્યર્થ છે.

૨૨. શ્રીવલ્લભચરિત્ર— સદ્ગત રા. બ. લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પારેખ, સ્મોલકોઝ કોર્ટના જજ હતા. તેમણે ઘણા ગ્રંથો ગુજરાતી ભાષામાં લખ્યા છે. સંપ્રદાયના ઉત્તમોત્તમ ગ્રંથો તથા સિધ્ધાંતો સરલ ગુજરાતી ભાષામાં લખવાનું પ્રારંભિક માન એ જ સદ્ગત્ ગૃહસ્થને ઘટે છે. એમણે ઘણો પ્રયાસ કરીને શ્રીવલ્લભચરિત્ર એક ઐતિહાસિક દૃષ્ટિએ લખેલું છે. તેમાં તેઓ લખે છે કે :—

"તે પછી પુરોહિત અને જોષીએ કહ્યું કે કનકાભિષેકનો સમય છે, તેથી રાજાની આજ્ઞાથી પુરોહિત અને ઉપાધ્યાયે આચાર્યશ્રીને જ્યાં કનકાભિષેક માટે મંડળ રચ્યું હતું ત્યાં એક સુંદર પાટ ઉપર પધરાવ્યા. તે વખતે રાજા અને બીજા આચાર્યો આચાર્યશ્રીને વીંટાઈ ઉભા. તે પછી દૈવી તેજવાળા વૈષ્ણવ બ્રાહ્મણો અને શંભુ આદિ શિષ્યોને નૂતન રાજવિભૂતિઓ અને દેવ વિભૂતિઓ કૃષ્ણદેવ રાજાએ આપીને આચાર્યશ્રીનું પૂજન કરાવવાનો સંકલ્પ કરાવવાનું પોતાના પુરોહિતને કહ્યું. તેથી પુરોહિતે પ્રથમ અભિષેકનો સંકલ્પ કરાવ્યો; પછી રાજાએ પાદ્ય, અર્ઘ્ય આચમન આદિ કરાવીને વિધિપુર:સર તીર્થોમાંથી આણેલા જળથી મહાભિષેક અને સામ્રાજ્યાભિષેક મંત્રો વડે ઋત્વિગ અને પુરોહિતની સાથે આચાર્યશ્રીને અભિષેક કર્યા. તે પછી બીજા પાટ ઉપર આચાર્યશ્રીને બેસાડી ગુર્જર શિષ્ય ગોવિંદરામ, મુકુન્દરામ, શ્યામાનંદ વગેરેએ આણેલા જળથી આચાર્યશ્રીને

શંભુભટ્ટે સ્નાન કરાવ્યું અને વસ્ત્રાંતર વડે શરીર લુછી નાખી નવાં કોપીન વસ્ત્ર ઉપરનો, યજ્ઞોપવીત, તુલસીકાષ્ઠની માળા અને મૃગચર્માદિ ધારણ કરાવ્યા. પછી કાશ્મીરી તિલક, ગોપીચંદન અને ષણ્મુદ્રા કરાવી. શંભુભટ્ટ આચાર્યશ્રીને કનકના સિંહાસન પાસે પધરાવી ગયા. પછી રાજાએ પોતાના પુરોહિતને કહ્યું કે વ્યાસતીર્થાદિ સર્વ વૈષ્ણવાચાર્યને આગળ બોલાવો, તેથી ઉપાધ્યાયે તેમને બોલાવ્યા. પછી તે વૈષ્ણવ આચાર્યોની સંમતિથી તથા વૈદિક પંડિતોની સંમતિથી રાજાસિંહ એવા કૃષ્ણદેવ રાજાએ કનકસિંહાસન ઉપર રેશમી વસ્ત્ર આચ્છાદિત રાજવિભુતિ અને દેવવિભુતિ અર્પણ કરી. તે વખતે શંભુભટ્ટે આચાર્યશ્રી ઉપર છત્ર ધારણ કર્યું, હરિભટ્ટે અદબાગીરી ધારણ કરી, શંકરાનંદ શ્યામાનંદે ચામર કર્યા, સ્વભૂ અને સ્વયંભૂએ મોરપીંછનો મૂઠો (मायुरहस्तक) લીધાં, લકુટાલોકી અને કેતુક મંડળે સોનાની છડીઓ લીધી ગોવિંદરામ અને મુકુન્દે ચાંદીના દંડ લીધા. રામભટ્ટ અને કેશવભટ્ટે રૂપાના શંખ અને ચક્ર લીધાં, બીજા વૈષ્ણવોએ ઘંટ, ઝાલર, ગોમુખ વગેરે ધારણ કર્યા. તે પછી રાજાએ તિલક, ગંધ, પુષ્પમાળા, ધૂપદીપ, નેવેદ્ય આચમન, મુખવાસ વગેરે અર્પણ કરીને ઘણા સોનાનો સમૂહ આચાર્યશ્રીના જમણા હાથ તરફ આણી ભટ તરીકે અર્પણ કર્યો.

૨૩. કલકત્તામાં મળેલી સર્વ ધર્મની પરિષદ— ઇ. સ. ૧૯૦૯ (સંવત ૧૯૬૫) માં આર્યાવર્તના સર્વ ધર્મોની પરિષદ કલકત્તા ખાતે મળી. તેવખતે સ્વ. રા. બ. લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પારેખ જેઓ અમદાવાદ સ્મૉલકોઝ કોર્ટના માજી જજ તથા મહાન તત્ત્વવેત્તા હતા. પોતે એ પરિષદમાં ગયેલાં ત્યાં તેમણે "શ્રીવલ્લભાચાર્યજીનું જીવન અને તેમનો તત્ત્વબોધ" એ વિષય ઉપર અંગ્રેજીમાં વ્યાખ્યાન આપેલું છે. એઓ શું કહે છે કે?—

"વિદ્યાનગરમાં રાજા કૃષ્ણદેવ એક મોટો વિદ્વાન ને કવિ હતો તેણે તમામ વાદ અને ધર્મના ગુણદોષ નક્કી કરવાનો નિશ્ચય કર્યો ને આખા આર્યાવર્તના વિદ્વાન આચાર્યો ને પંડિતોને પોતાના દરબારમાં બોલાવ્યા અને ચર્ચા ચલાવી કે કયો વાદ અને કયો ધર્મ શ્રેષ્ઠ છે` નક્કી કરવાનું કહ્યું. તે ઉપરથી ભેગા મળેલા આચાર્ય અને પંડિતો વચ્ચે વાદ થયો, એ વાદ ઘણા દિવસ સુધી ચાલ્યો અને શ્રીશંકરાચાર્યજીના વિદ્યાનગર આવી પહોંચ્યા. એમણે સાબિત કરી આપ્યું કે શ્રીશંકરાચાર્યજીનો માયાવાદ અને બીજા વાદો દોષયુક્ત છે વેદ, ઉપનિષદ, ગીતા અને બ્રહ્મવાદો બધા કરતાં શ્રેષ્ઠ છે. પ્રતિપક્ષીઓએ અને ત્યાં મળેલા તમામ પંડિત અને આચાર્યોએ એમને વિજય માન્ય કર્યો. પછી તેઓંએ એકમતથી કૃષ્ણદેવ રાજાએ એમનો કનકાભિષેક કર્યો. અને પોતે એમનો સેવક થયો. આ મોટો બનાવ સન ૧૪૯૩ (સંવત ૧૫૪૯) માં બન્યો. આ વખતથી એ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના નામથી ઓળખાવા લાગ્યા (તે પહેલાં વલ્લભ દીક્ષિત કહેવાતા વગેરે આ વ્યાખ્યાન ૨૦-૨૫ પાના જેટલું છે. કહેવાય છે કે એ પરિષદમાં હાજર રહેલા વિદ્વાનો અને શ્રોર્ત વર્ગને આ વ્યાખ્યાન એટલું બધું પ્રિય થઈ પડયું કે એ દિવસે રાત્રે એક પ્રેસમાં તેની

ત્રીસ હજાર નકલ છપાવીને વહેંચી હતી એટલું જ નહિ પરંતુ તે પછી પણ ૩-૪ વરસ ઉપર મુંબઈમાં આ વ્યાખ્યાનની હજારો નકલો પરવાનગી લઈ છપાવી વહેંચી હતી. મી રંગીલદાસ! આ શું સૂચવે છે? જરા જોશો? કયાં તમારી લુલી પાંગળી દલીલ અને કયાં આ સમર્થ વિદ્વાન્, મહાન વિજ્ઞાની, શોધખોળ કરી સપ્રમાણ હકીકત છપાવનાર, મોટા હોદ્દાધારી અને કયાં તમારૂં રૅંગીયુ પૅંગીયુ જ્ઞાન ભલા! હું પૂછુ છું કે તમે કેટલા ગ્રન્થો જોયા હશે? આવા ૩૦-૪૦ પ્રમાણ ગ્રન્થોમાં પુરાવા હશે એનું તમને કયાંથી જ્ઞાન હોય. આ ગ્રંથ જોવા કંઈ યત્ન કર્યો હોય તો બધુંય દેખાય પણ કોને જોવું છે? એક જ પુસ્તક ઉપરથી તમે કૂદી પડયા! કેવી તમારી અક્કલનો નમુનો? શું અમે વૈષ્ણવો તમારી દલીલ લાખ અંશે પણ સ્વીકારીએ ખરા? અને જ્યાં સુધી તટસ્થ કે આંતરિક પુરાવા ન આપો ત્યાં સુધી એવી તમારી ધમકીથી શું ડરીએ ખરા! જો તમે સત્યશોધક બુદ્ધિથી જોયું હોત તો બધું મળી આવત પણ નાહક ખોટો આક્ષેપ કરો તેમાં શું રળી જવાના હતા? અસ્તુ.

૨૪. શ્રીગોકુલેશજીનું જીવન ચરિત્ર— (લેખક મગનલાલ લાલજી ગાંધી B. A. પ્રકાશક-લલ્લુભાઈ છગનલાલ દેસાઈ.) આ લેખકે પોતે શ્રીગોકુલનાથજીનું જીવન ચરિત્ર અત્યાર સુધી કોઈ પણ ઠેકાણે લખાયું નથી તેથી ભગીરથ પ્રયત્ને લેખક અને પ્રકાશકે ઘણાં ગામો ફરીને શોધ કરી છપાવ્યું છે. શોધખોળમાં શ્રીગોકુલેશજીનાં અનન્ય ભક્તો ભરૂચી વૈષ્ણવ સમાજ પાસેથી પ્રાચીન ગ્રન્થો મેળવી તે ઉપરથી સદરહુ ગ્રન્થ બનાવ્યો છે તેમાં લેખક જણાવે છે કે :-

"આચાર્યશ્રી વિદ્યાનગર પધાર્યા ત્યાં તે વખતે શ્રીકૃષ્ણદેવ નામે ઘણો વિદ્વાન્ ને ધર્મિષ્ટ રાજા રાજ્ય કરતો હતો તેણે ધર્મના નિર્ણય માટે ભારતવર્ષમાં તે વખતે પ્રચલિત સઘળા ધર્મોના આચાર્યોને ભેગા કર્યા હતા અને તેઓ પોતાનો મત સાબિત કરવા શાસ્ત્ર અનુસાર વાદ કરતા હતા. જે વખતે આચાર્યશ્રી ત્યાં પધાર્યા તે વખતે વૈષ્ણવ ધર્મના આચાર્યોને વાદમાં હરાવી શાંકર મતના આચાર્યો વિજય મેળવવાની તૈયારીમાં હતા. આ વખતે આચાર્યશ્રીએ વૈષ્ણવ ધર્મનું રક્ષણ કર્યુ અને વાદમાં વેદવિરૂદ્ધ તથા વેદનુ ખરૂં રહસ્ય નહિ સમજનાર સર્વ ધર્મોનો પરાજય કરી એતન્માર્ગની જયપતાકા ઉડાવી. તે સભામાં અથવા વાદીઓ સાથે શ્રીઆચાર્યજીએ લગભગ ૨૭ દિવસ સુધી વાદ કર્યો અને તે દ્વારા પોતાનું અપરિચિત શાસ્ત્રજ્ઞાન જાહેર કર્યુ રાજા કૃષ્ણદેવ શરણે આવ્યો ને તેણે તેમને કનકાભિષેક કરાવ્યો. રાજાએ અર્પણ કરેલા અઢળક દ્રવ્યમાંથી માત્ર દૈવી દ્રવ્યનોજ (સાત મોહોર) અંગીકાર કરી તેનો ભગવત્સેવામાં વિનિયોગ કર્યો અને તે દ્વારા લૌકિક દ્રવ્ય પ્રત્યેની પોતાની અરુચિ અને નિર્લોભપણું બતાવી આપ્યું. આ વખતે સર્વ આચાર્યો તરફથી તેમને "અખંડભૂમંડલાચાર્યવર્ય" મહાપ્રભુ શ્રીમદાચાર્યની પદવી આપવામાં આવી. ત્યાંથી આચાર્યશ્રી પ્રવાસમાં આગળ પધાર્યા."

૨૫. તીર્થયાત્રાનો હેવાલ— (લેખક ચંદુલાલ કેશવલાલ શાહ B. A.) ઉક્ત લેખકે આખા હિન્દુસ્તાનમાં પુષ્ટિમાર્ગમાં તીર્થયાત્રાનાં સ્થળોનું સંપૂર્ણ હકીકત સાથે વર્ણન લખ્યું છે. સંપ્રદાયમાં પ્રવાસવર્ણનનું આવા પ્રકારનું પુસ્તક પહેલું જ છપાય છે. "વિદ્યાનગર માટે સદરહુ લેખક જણાવે છે કે-કૃષ્ણદેવ રાજા મહાન ધર્મિષ્ટ હતો. મધ્વ સંપ્રદાયના આચાર્ય વ્યાસતીર્થે રાજાને દીક્ષા આપવા ઇચ્છા કરી ત્યારે શાંકર વિદ્વાનો સામા થયા જેથી રાજાએ કયો મત સારો છે એ જાણવાની જીજ્ઞાસાથી રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક, શાંકર આદિ ઘણા વિદ્વાનો, પંડિતો, શાસ્ત્રીઓ, સ્વામીઓ, દંડ સંન્યાસી વગેરે સમસ્ત વિદ્વાનોને આમંત્રણ કર્યુ અને પોતાના ભવ્ય દરબારમાં એક મહાન પરિષદ ભરી કયો ધર્મ સારો છે, કોનો મત ખરો છે અને મારે શું કરવું આ ઉપર અસાધારણ વિવેચન શરૂ કર્યું, એવામાં આપણા શ્રીમદ્વલ્લભાચાર્યજી ત્યાં આવી પહોંચ્યા તે પહેલાં શંકરાચાર્ય વિદ્યાતીર્થે મધ્વાચાર્ય વ્યાસતીર્થને વાદમાં હરાવ્યા હતા અને બીજે જ દિવસે શંકરાચાર્યનો કનકાભિષેક થવાનો હતો.

બીજે દિવસે આચાર્યશ્રી રાજસભામાં પધાર્યા. આ વખતે તેજ, બ્રહ્મચારીનો બાળવેશ અને અતુલ પ્રસાદ જોઈને રાજાએ સર્વસભાસમેત ઉભા થઈને અત્યંત આદરમાન પુર:સર આચાર્યશ્રીનું સન્માન કર્યુ આ સભામાં ૮ દિવસ સુધી વિદ્યાતીર્થ સાથે વાદ કર્યો. તાર્કિક, મીમાંસક, અને સાંખ્ય વિદ્વાનો સાથે ૧૦ દિવસ સુધી વાદ કર્યો. ગંગા ભટ્ટ સાથે ૩ દિવસ સુધી વાદ કર્યો. સોમેશ્વર પંડિત સાથે ૭ દિવસ સુધી વાદ કર્યો. આ પ્રમાણે કુલ ૨૮ દિવસ સુધી વાદ ચલાવી પોતાનો શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ સ્થાપન કર્યો. વાદ પૂર્ણ થવાથી રાજાએ આનન્દયુક્ત વિજયઘોષ કરાવી આચાર્યશ્રીને પોતાને મુકામે વિદાય કર્યા. બીજે દિવસે એક મહાન્ ભવ્ય મંડપ ઉભો કરાવી આચાર્યશ્રીને પધરાવી કનકાભિષેક કર્યો અને વિજયતિલક કર્યું. તે પછી તમામ પંડિતો અને રાજાએ મળી "અખંડભૂમંડલાચાર્યવર્ય મહાપ્રભુ શ્રીમદ્આચાર્ય" ની પદવી અર્પણ કરી.

(વિદ્યાનગરમાં મધ્વસંપ્રદાયના આચાર્ય વ્યાસતીર્થના પ્રમુખપણા નીચે થયેલી અનેક વિદ્વાનોની આ વાદ સભામાં બે ચિત્ર અમારી પાસે છે.) એક સભામાં કનક સિંહાસન ઉપર બેસી વાદ કરી નિરૂત્તર થઈ ગયેલા પંડિતો આજુબાજુ બેઠા છે રાજા કૃષ્ણદેવ અને તેમના દિવાન હાથ જોડી ઉભા રહ્યા છે અને વિજયસિંહાસન ઉપર શ્રીમદ્વલ્લભાચાર્યજી બિરાજી વાદ કરે છે. બીજા ચિત્રમાં આચાર્યશ્રીને કનકાભિષેક કેવી રીતે કરવામાં આવ્યો તે ચિત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે. કનકસુવર્ણના ઢગલા ઉપર એક સિંહાસન ગોઠવેલું છે. સ્નાન માટે જળનાં પાત્ર ઘડા, કળશ, ઝારી ઇત્યાદિ છે. કનંકસ્નાન કરાવતી વખતે વિધિપુર:સ્સર યજ્ઞ કરવો જોઈએ. તે યજ્ઞકુંડ, વેંદી, યજ્ઞ કરવાનાં સાધનો વગેરે આપ્યાં છે. તેમ જ રાજા કૃષ્ણદેવે જે જે પદવીઓ આપશ્રીને અર્પણ કરી છત્ર, ચામર, અબદાગીરી વગેરે તથા ઝાંઝ શંખધ્વનિ કરતા પરિચારકો વગેરે સહિતનું આસન છે, આચાર્યશ્રી અભિષેક થયા પછી મુખ્ય આસન ઉપર બિરાજે છે, વ્યાસતીર્થ સ્વામી (રાજા

દિવાન સભાના વિદ્વાનો અન્ય વર્ગ સમસ્ત શ્રીવલ્લભાચાર્યજીને વિજય તિલક કરે એ બતાવવામાં આવ્યું છે.)

સદરહુ પુસ્તકમાં તેના લેખક વળી વધુ શોધ કરી જણાવે છે કે :— "રાજાના દરબારમાં વેદ, પુરાણ, શાસ્ત્ર વગેરે પુસ્તકોનો એક મહાન સરસ્વતી ભંડાર હતો. તેના રક્ષણ સાથે પોતે ૧૧ પંડિતોને સેવ્યા હતા.

આ વાદમાં નીચેની મુખ્ય બાબતો જોવામાં આવે છે.

૧ અન્યમાર્ગીઓ સાથે વાદ કરવો.
૨ અશ્વમેધ યજ્ઞની માફક દેશદેશના પંડિતોને એકત્ર કરવા.
૩ શતમણ સુવર્ણથી અભિષેક.
૪ સ્નાનવત સુવર્ણનો ત્યાગ કરી, પૂર્ણ વૈરાગ્ય ગુણ પ્રકટાવવો.
૫ સુવર્ણ મહોર ભરેલી થાળમાંથી ફક્ત ૭ મહોર કે જે દૈવી દ્રવ્ય તેનો અંગીકાર કરવો.
૬ અહીંથીજ શુધ્ધાદ્વૈત ભક્તિમાર્ગની શરૂઆત કરવી.
૭ અનેક પંડિતોની મધ્યે અસાધારણ માન મેળવવું વગેરે.

આવું અસાધારણ માન પણ સમસ્ત વિદ્વાનો કે આચાર્યોમાં પણ અદ્યાવધિ ચાલુજ છે. એવો પ્રભાવ આ વાદ ઉપરથી પડયો છે. વાંચકો હજુ પણ જોઈ શકે છે કે અન્ય આચાર્યો કરતાં શ્રીવલ્લભાચાર્યજીના વંશજને દરેક ઠેકાણે અસાધારણ માન મળે છે. જોનાર તટસ્થ રીતે જુએ તો સમજી શકે છે. પછી દ્વેષના ચશ્મા ચઢાવીને જુએ તો તેવું પણ જોઈ શકે. છેલ્લું અસાધારણ માન બનારસમાં ૪ વર્ષ પહેલાં પુષ્ટિમાર્ગના મુખ્યપીઠાધીશ્વર, જગદ્‌ગુરૂને મળ્યું હતુ. બનારસમાં મળેલી એ બ્રાહ્મણ મહાસભામાં દરેક સંપ્રદાયના આચાર્યશ્રીઓ તથા પાંચહજાર વિદ્વાનો હિંદના ખુણખુણામાંથી પધાર્યા હતા. તેમાં મુખ્યમાન શ્રીવલ્લભકુલને જ મળ્યાની વાત જગજાહેર છે.

૨૬. ટિપ્પણી— સદ્‌ગત તેલીવાળાના મિત્ર અને ભારતમાર્તંડ સંસ્થાના માજી મંત્રી સદ્‌ગત્ શ્રીયુત કાશીદાસ નારાયણદાસ દલાલ B. A. LL. B. હાઈકોર્ટ, વકીલ, જેમણે શં.માધવતીર્થને જડબાંતોડ જવાબો આપ્યા હતા, તેઓ પોતાના ગ્રંથમાં લખે છે કે :—

છેવટે નિર્ગુણ ભક્તિમાર્ગનું મંડન કર્યું. ત્યારપછી કૃષ્ણદેવરાજાએ સોનાના ફૂલોથી અને જળથી સ્નાન કરાવીને રાજાએ વિનંતિ કરી કે આ દ્રવ્ય અંગીકાર કરો ત્યારે આપશ્રીએ કહ્યું કે આ સ્નાનનું જલ છે તેથી અમોને ખપે નહિ. તે દ્રવ્ય બ્રાહ્મણોને વહેંચી આપો. તે પ્રમાણે રાજાએ કર્યું. મને આપનો સેવક બનાવો એવી વિનંતિ કરી. તે પ્રમાણે સેવક બનાવ્યો. ભેટમાં સુવર્ણના થાળમાં સુવર્ણની મહોરો મૂકી તેમાંથી ફક્ત ૭ સોના મહોર દૈવી હોવાથી તેનો અંગીકાર કરીને બાકીની મહોરોને બ્રાહ્મણોને વહેંચી આપવા આજ્ઞા કરી ત્યાર પછી પંઢરપુર શ્રીવિઠ્ઠુબા રખુમાઈની યાત્રાએ પધાર્યા.

૨૭. શ્રીમદ્વલ્લભાચાર્ય જન્મચરિત્ર— લેખક :— સંપ્રદાયના પ્રાચીન ગ્રંથોની શોધ કરી પ્રસિધ્ધ કરનાર શ્રીયુત. સ્વ. ગોરધનદાસ લક્ષ્મીદાસ. સૌથી પહેલાં શ્રીવલ્લભાચાર્યજીના જીવન ચરિત્ર સંબંધમાં કોઈ લેખ પ્રસિધ્ધ નહીં થયેલો તેથી તેમણે શોધ કરી ઉપર્યુક્ત ગ્રન્થ જેવો છે તે સં. ૧૯૫૪ માં છપાવ્યો છે. તેમાં તેઓ લખે છે :—

"શ્રીવલ્લભાચાર્યજી વિદ્યાનગર પધાર્યા ત્યાં આપશ્રીના જાણવામાં આવ્યું કે અહીંના રાજાની સભામાં બાર બાર વર્ષ થયાં તો પણ માયાવાદી અને બ્રહ્મવાદી વચ્ચે શાસ્ત્રાર્થ ચાલે છે તેનો કાલે નિવેડો થશે, ને વિષ્ણુધર્મવાળા હારશે. તેવું સાંભળતાં જ આચાર્યશ્રીએ કહ્યું કે અગ્નિરૂપી બ્રહ્મવાદી આગળ માયાવાદી તૃણ માત્ર છે. હુ કાલે શાસ્ત્રાર્થ કરવા ત્યાં આવીશ. બીજે દિવસે આપશ્રી સભામાં પધાર્યા. રાજા કૃષ્ણદેવ ઉઠીને સામો આવ્યો. તેમનું બ્રહ્મતેજ જોઈને ચરણારવિંદમાં પડયો પછી શ્રીમહાપ્રભુજી સભામાં પધાર્યા. સર્વ પંડિતોએ એકદમ ઉભા થઈને નમસ્કાર કર્યા. શ્રીમહાપ્રભુજી બ્રહ્મવાદીઓ તરફ એક સર્વોપરિ સિંહાસન ઉપર બેઠા. ત્યારે રાજાએ કહ્યું કે આ સંવાદનો આપ જે નિવેડો કરશો તે અમારે કબૂલ છે.

તે વખતે વિવિધ વિષયો ઉપર ૭ દિવસ સુધી શાસ્ત્રાર્થ ચાલ્યો તેમાં માયાવાદી લોકો હાર પામ્યા. શ્રીમહાપ્રભુજીની વ્યાકરણમાં કુશળતા જોવા સારૂ "स्थानिवदादेशाऽनल्विधौ" એ સૂત્ર કાઢયું તેનાં ઉપર ૧૨ દિવસ શાસ્ત્રાર્થ ચલાવ્યો. આવી રીતે દરેક મતનું ખંડન કર્યું તેથી કૃષ્ણદેવરાજા ઘણો પ્રસન્ન થયો ને શ્રીમહાપ્રભુજીનો સેવક થયો.

બીજે દિવસે પ્રાત:કાલે રાજાએ ઘણા હર્ષથી પ્રણામ "કરીને જળથી કંચનસ્નાન (કનકાભિષેક) કરાવ્યું ને તે દ્રવ્ય તેમને આપવા માંડયું. ત્યારે તેમણે ના પાડી. પછી રાજાએ મોહરોનો એક થાળ ભેટ કર્યો તેમાંથી દૈવી દ્રવ્યની સાત મોહોરો હતી તે આપશ્રીએ લીધી અને તે મહોરોનાં શ્રીનાથજીને નૂપુર કરાવ્યાં છે. આપશ્રી ત્યાંથી આગળ યાત્રાર્થે પધાર્યા.

મી. રંગીલદાસ! આ ગ્રન્થના લેખક શ્રીગોવર્ધનદાસે અપ્રસિદ્ધ પ્રાચીન ગ્રન્થોની શોધ કરી ઘણાં પુસ્તકો છપાવ્યાં છે. તમે એટલી શોધ કરી હોત તો તત્ત્વ જણાઈ આવત.

૨૮. શ્રીમદાચાર્યચરિત્ર— મુંબઈમાં રા. સા. શેઠ ખીમજી કુંવરજી જે. પી. તરફથી નીકળતા શ્રીસુબોધિનીજી માસિકના ગ્રાહકોને ભેટમાં મળેલું પુસ્તક. બનારસમાં ગોપાલમંદિરમાં શ્રી. ગો. શ્રીગિરિધરલાલજીના પ્રમુખપણા નીચે થયેલી સભામાં અપાયેલાં વ્યાખ્યાનનો સાર :—

आपने सुना की विद्यानगर के कृष्णदेवराजाने धर्मसभा एकत्र की है जिसमें समस्त धर्मवालोंको निमन्त्रित किया है और जिसका शास्त्रार्थद्वारा जय होगा उसीका स्वयं अनुयायी भी होना चाहते हैं। आप वहां पधारे और शास्त्रार्थ में जय सम्पादन किया। आपने वेदादि शास्त्रोंके प्रमाणद्वारा ब्रह्मवाद शुद्धाद्वैत वादका प्रतिपादन किया। वहां पर उपस्थित समस्त

सम्प्रदायके आचार्योंने आपका विजय स्वीकार किया और कृष्णदेव राजा समेत सभी पंडितोने आपको निम्न आचार्यकी पदवी प्रदान की.

> " श्रीवेदव्यासविष्णुस्वामी सम्प्रदाय समुद्धार संभृत श्रीपुरुषोत्तम वदनावतार सर्वाम्नाय सच्चार वैष्णवाम्नायप्राचुर्य प्रकार श्रीविल्वमंगलार्पित सप्राजासनाखंडभूमंडलाचार्य वर्य जगदगुरु महाप्रभु श्रीमदाचार्य:॥

और राजा कृष्णदेव शरणागत हुआ । राजाने कनकाभिषेक कीया और वहुत भेट धरी परन्तु निरपेक्ष आचार्यचरणने केवल श्रीठाकुरजीके लिये ७ मुद्रायें स्वीकार कर अन्य द्रव्यको वंटवा दीया, ध्यान दीजिए की इसमें अधिक निरपेक्षत्थ क्या हो सकता है?

૨૯. વૈષ્ણવ માસિક રાજકોટ— (તંત્રી-આણંદજી વેલજી પરમાર) પોતે જ્ઞાતિએ મોચી હતા તેઓ ચુસ્ત મરજાદી વૈષ્ણવ હતા. સંપ્રદાયમાં સહુથી પહેલાં સં.૧૮૧૦માં એઓ માસિકપત્ર કહાડતા હતા. (સંપ્રદાયમાં માસિક કહાડવાની શરૂઆત કરી હોય તો એમણેજ કરી છે. માસિક કાઢવાનું માન એમને જ ઘટે છે.) તેઓ પોતાના પત્રમાં જણાવે છે કે :— વિદ્યાનગરમાં કૃષ્ણદેવ રાજાએ વૈદિક સિદ્ધાંતનો નિર્ણય કરાવવા ઋષ્યશૃંગના શાંકરયતિવર નૃસિંહયતિ, માધ્વ સંપ્રદાયી વ્યાસતીર્થ, રામાનુજ સંપ્રદાયી હનુમદાચાર્ય, નિમ્બાર્ક સંપ્રદાયી કેશવાચાર્ય આદિ પંડિતોને નિમંત્રણ આપી વાદસભામાં વાદપ્રારંભ કરાવ્યો હતો. વૈષ્ણવાચાર્ય પ્રાય :પરાસ્તવત્ થયા તે જ દિવસે શ્રીમદાચાર્ય વિદ્યાનગરમાં પધાર્યા. રાજગુરૂ મામા તરફથી સભાનું વૃતાંત સખેદ શ્રવણ કરી પરમોત્સાહથી બીજે દિવસે પોતે ત્યાં સાક્ષાત્ પધારવાનો નિશ્ચય કર્યો. પ્રાત :કાલમાં વાદશાળામાં પધારતાં તેજ :પુંજથી ચક્તિ રાજા એ સન્મુખ આવી કનક સિંહાસન પર શ્રીવલ્લભાચાર્યજીને પધરાવ્યા. દશ દિવસ માયાવાદી સાથે વાગ્યુદ્ધ કરી તે સર્વને પરાસ્ત કરી વૈષ્ણવ સિધ્ધાંતનું મંડન કરી, સર્વે વૈષ્ણવાચાર્યના સિધ્ધાંતનું સામાન્ય સમર્થન કરી, વિષ્ણુસ્વામી સિધ્ધાંતનું સવિશેષ સ્થાપન કર્યું. અવશિષ્ટ આઠ દિવસમાં સાંખ્ય મીમાંસાની સમીક્ષા કરી. સર્વ આચાર્યો સમક્ષ વાગીશત્વ પ્રકટ કરી નિર્મલ કર્મમાર્ગ, શુધ્ધ જ્ઞાનમાર્ગ અને નિરૂપાધિ ભક્તિમાર્ગનું સંસ્થાપન કર્યું. તેથી સર્વ આચાર્યોએ વિજયતિલક કરી શ્રીવલ્લાચાર્યને વિજયપત્ર સમર્પ્યું. પોતાના સર્વ સંશયની અત્યંત નિવૃત્તિ થઈ જવાથી રાજાએ કનકાભિષેક કરાવ્યો. સમર્પેલી દક્ષિણામાંથી સપ્તનિષ્કમાત્રનો અંગીકાર કરી, રાજાએ શરણે આવી તેણે આપેલા છત્ર ચામર આદિ આચાર્યચિહ્ન ગ્રહણ કરી પાંડુરંગ વિઠ્ઠલનાથ પધાર્યા.

૩૦. શ્રીમદ્વલ્લભાચાર્યચરિતમ્— લેખક- હસુરકરોપાહવ શ્રીપાદશાસ્ત્ર (ન્યાયતીર્થ, વેદાન્તતીર્થ, મીમાંસાતીર્થ, સાંખ્યસાગર) આ ગ્રન્થ ઇંદોરથી પ્રકટ થતી "સાધુરત્નમાળા" નામની ગ્રન્થમાળાનું પ્રથમ રત્ન છે. પુસ્તક સંસ્કૃતમાં લખાયેલું છે. આ લેખ પણ શ્રીવલ્લભાચાર્યજીને કનકાભિષેક થયાનું સ્વીકારે છે. જુઓ :—

" राजा च तदीयेन दिव्यतेजसा समाकृष्टमना यथाविधि कनकाभिषेकं विधातुमाज्ञां गृहीत्वा सर्वां सभां व्यसर्जयत् स्वयं च श्वा भाविन: कनकाभिषेकोत्सवस्य सामग्रीं संपादयितुं व्यग्रो वभुव.

द्वितीयदिने सर्वेऽपि विद्यानगरवासिनो जना: कनकाभिषेकोत्सवं प्रत्यक्षीकर्तुमुत्सुका: सत्वरं यथाकथंचित् स्वस्वकार्याणि ॥"

૩૧. હિન્દના તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ— (ઉત્તરાર્ધ પેજ ૨૫૮) (લેખક-નર્મદાશંકર દેવશંકર મહેતા, બી. એ.) એઓ ચુસ્ત સનાતની બ્રાહ્મણ છે, વેદાંતના પ્રખર અભ્યાસી છે, સંસ્કૃતના સ્કોલર, ઝીણામાં ઝીણી બુદ્ધિથી તત્ત્વજ્ઞાનનું શોધન કરવામાં અજોડ, પોતાના બુદ્ધિબળથી સરકારી ખાતામાં ઉંચા હોદાની નોકરી પરથી અત્યારે ખંભાત સ્ટેટના દિવાનપદ સુધી પહોંચ્યા છે, એમની વિદ્વત્તાનાં વખાણ શાં કરવાં ! પ્રસ્થાનત્રયીનો જબરો અભ્યાસ તેમનો છે પોતે શાંકર મતના છે પણ નિષ્પક્ષપાતી હોઈ સદ્ગત તેલીવાળાના ઝાલા વેદાન્ત પ્રાઈઝમાં શ્રીવલ્લભાચાર્યજીનું તત્ત્વજ્ઞાન જોવાથી જ મુગ્ધ થયા. તેમનો જૈન તેમજ બૌદ્ધ ધર્મ ગ્રન્થોનો પણ અભ્યાસ સારો છે. આચાર્યશ્રીનું અણુભાષ્ય એઓએ સંપૂર્ણ વાંચ્યા પછી પોતે તટસ્થ અભિપ્રાય લખે છે કે :–બ્રહ્મસૂત્રનો કોઈ પણ જાતની ખેંચતાણ કર્યા વિના અર્થ કર્યો હોય તો એક શ્રીવલ્લભાચાર્યજીએ જ કર્યો.

મી. રંગીલદાસ ! તમારી શોધક બુધ્ધિ કેટલી છે તે જણાવવા ખાતર જ આવા સમર્થ વિદ્વાન માટે આટલો ઉપોદ્ઘાત લખવો પડે છે. તમે જે પૂરાવા આપો છો એકદેશીય અને ઉપર્યુક્ત વિદ્વાનનો પૂરાવો તો તટસ્થ કહેવાય હવે જુઓ આ વિદ્વાન વ્યકિત શું કહે છે ?

> **"વિદ્યાનગરમાં રાજા કૃષ્ણદેવની સભામાં વિષ્ણુસ્વામીના સંપ્રદાયની ગાદી ઉપર તેમની પ્રતિષ્ઠા થઈ હતી."**

તે પછી ઉક્ત ગ્રન્થમાં તેમણે શુધ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન માટે ૧૯-૨૦ પૃષ્ઠો લખ્યાં છે. આગલી બે ત્રણ લાઈનમાં લખેલા શબ્દોથી સ્પષ્ટ પૂરવાર થાય છે કે આચાર્યશ્રીને કનકાભિષેક થયેલો છે. હવે તમે નરી ચોખી દૃષ્ટિની તપાસ સામે તો તમારૂં મંતવ્ય ફેરવીને કબૂલ કરશોજી.

૩૨. મહાગુજરાતના જ્યોતિર્ધર શું કહે છે ?— મહાગુજરાતના એક મહાન વિદ્વાન વિવેચક, બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયના કુલપતિ, (પ્રો. વાઈસ ચેન્સેલર) સુપ્રસિદ્ધ સાક્ષર શ્રીયુત આનંદશંકર બાપુભાઈ ધ્રુવ એમ. એ. એલ. એલ. બી. પોતાના 'ધર્મવર્ણન' માં લખે છે કે :—

"પિતાના મરણ પછી આચાર્યશ્રી પૃથ્વી (હિન્દુસ્તાન) પરિક્રમણ કરવા નીકળ્યા. તેમાં પ્રથમ તો એમણે કૃષ્ણદેવ રાજાની સભામાં પંડિતોનો પરાજય કરીને **રાજાને પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત સ્વીકારાવ્યો."**

મી. રંગીલદાસ ! તટસ્થ વિદ્વાનો પણ કે જેઓ શ્રીવલ્લભાચાર્યના અનુયાયી નથી તેઓ

પણ કનકાભિષેક થયાનું સ્વીકારે છે. આનું નામ તે તટસ્થ પુરાવો કહેવાય તમે એવો એક પણ પુરાવો બતાવવા નથી.

૩૩. જામનગરના જાણીતા ગ્રંથ પ્રકાશક શ્રીયુત વિશ્વનાથ ગોવિંદજીએ પણ શ્રીવલ્લભચરિત્રમાં આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે :—

આવતી કાલે શ્રીમહાપ્રભુજીને કનકાભિષેક કરવાનો ઉત્સવ કરવો છે માટે નગરમાં ડંકો વગડાવીને પ્રજાને સૂચના આપો કે સહુ લોકો પોતપોતાના ઘરના દ્વાર ઉપર કેળના સ્થંભોનું, તોરણોનું, ધ્વજાઓનું અને મંગલકળશોનું સ્થાપન કરે. રાજમાર્ગમાં પણ એવાજ પ્રકારની રચના કરાવવી. આ ઉપરથી રાજકીય લોકોએ નગરમાં સૂચના આપતાં તે પ્રમાણેજ નગરને શણગારવામાં આવ્યું. કૃષ્ણદેવ રાજાએ પ્રાત:કાળમાં ઉઠી જઈ નિત્યનિયમ પહોંચી લઈ ઉત્તમ વસ્ત્રોને તથા ઉત્તમ અલંકારોને ધારણ કરી બ્રાહ્મણમંડળીને તથા મંત્રી આદિ લોકોને સાથે લઈ રાજવૈભવના ભપકાથી શ્રીમહાપ્રભુજીની પાસે જઈ કનકાભિષેકની વિનંતિ કરીને તેમને પધરાવી ગયો. શ્રીમહાપ્રભુજીને પ્રથમ કનકાભિષેકની શાળામાં બિરાજમાન કરી પછી સો ભાર સોનાની પાટ ઉપર પધરાવી સહસ્ત્ર છિદ્રથી સુભોભિત કરેલા સુવર્ણના પાત્રમાં અભિષેકનું જળ ભરીને કૃષ્ણદેવ રાજાએ શ્રીમહાપ્રભુજી ઉપર અભિષેક કર્યો. તે સમયે બ્રાહ્મણો ચારે વેદના મંત્રો ભણવા લાગ્યા, સ્ત્રીઓ મંગલ ગાયન કરવા લાગી, સઘળા પ્રકારના વાજીંત્રો વાગવા લાગ્યાં અને સર્વે લોકો 'જય જય' શબ્દ બોલવા લાગ્યા. આ પ્રમાણે અભિષેક કરી દિવ્ય વસ્ત્રોનું તથા દિવ્ય અલંકારોનું ધારણ કરાવી કૃષ્ણદેવ રાજાએ શ્રીમહાપ્રભુજીનું 'વલ્લભાચાર્ય' એ નામ પ્રગટ થયું.

૩૪. શ્રીરામાનંદી પંડિત શું કહે છે ?— શ્રીરામાનંદ સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન અને વૈષ્ણવ તથા સત્યાગ્રહી દેશભક્ત પોતાના 'સાધુસર્વસ્વ' નામના સાપ્તાહિક પત્રના કુંભાંકના લખે છે કે :—

બાલાજીકા દર્શન કરકે આપ વિદ્યાનગર પહુંચે. વિદ્યાનગરકે રાજા કૃષ્ણદેવકે દરબારમેં શૈવ ઓર વૈષ્ણવોમેં એક જબરદસ્ત શાસ્ત્રાર્થ હુઆ. શાસ્ત્રાર્થમેં શૈવોકો બુરી તરહ પરાસ્ત કિયા ઓર વૈષ્ણવ ધર્મકી ધાક જમાઈ. વહીંસે વલ્લભ'આચાર્ય' પદસે વિભૂષિત હુએ."

૩૫. "ગુજરાતી" પત્રના આદ્યતંત્રી શું કહે છે ?— ગુજરાતી સાહિત્ય સમૃદ્ધિમાં અદ્વિતીય ફાળો અર્પનાર સ્વર્ગસ્થ તંત્રી સાક્ષર ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ શ્રીભાગવતની પ્રસ્તાવનામાં શ્રીમદ્વલ્લભાચાર્યજીનું જીવનચરિત્ર લખતાં લખે છે કે :—

"મહારાજ શ્રીકૃષ્ણદેવ વિદ્વાનોની સભામાં આવ્યા, અને ધર્મવાદીઓનું પરસ્પર વાદયુદ્ધ શરૂ થયું છે, એટલામાં શ્રીવલ્લભાચાર્યજી પણ સભામાં આવ્યા. તેમણે પણ શાસ્ત્રચર્ચામાં ભાગ લીધો. ભારે વાદ ૨૮ દિવસ સુધી થયો. ખંડન મંડન થયાં.... શ્રીકૃષ્ણ દેવ રાજા શ્રીવલ્લભાચાર્યજીની

વાદશૈલી તેમજ તેમની વિદ્વત્તા ઉપર મોહિત થયો તેમનો સેવક થયો. અને જે સિંહાસન માટે માયાવાદીઓ તલ્પી રહ્યા હતા તે સિંહાસન ઉપર શ્રીમદ્વલ્લભાચાર્ય બિરાજ્યા પછી ચારે સંપ્રદાયના આચાર્યોએ તેમને તિલક કરી શ્રીવિષ્ણુસ્વામીની ગાદીએ બેસાડી આચાર્ય પદે સ્થાપ્યા."

ઉપરની પ્રસ્તાવનાને હાલના તંત્રી રા. રા. નટવરલાલ ઇ. સૂ. દેસાઇએ પણ મંજુર રાખી છે.

૩૬. બે વિદ્વાન બ્રાહ્મણોનો અભિપ્રાય— મહેતા ભાઈશંકર તથા ઉપાધ્યાય દુર્લભરામે સં. ૧૯૨૮ માં છપાવેલા 'વૈષ્ણવધર્મપ્રકાશ' ગ્રંથમાં આ પ્રમાણે લખ્યું છે—

ત્યારપછી પ્રાત:કાલે શ્રીમહાપ્રભુજી, રાજા કૃષ્ણદેવની સભામાં ગયા. ત્યારે તેણે ઘણા હર્ષથી પ્રણામ કરીને જલમાં શતમણ સુવર્ણ નાંખીને તે જલથી તેમને કંચનસ્નાન કરાવ્યું."

૩૭. શ્રીસુરતની શ્રીબાલકૃષ્ણ સેવાસમાજ તરફથી નીકળેલી પત્રિકામાં લખે છે કે :—

"શુદ્ધાદ્વૈતવાદ અર્થાત્ શુદ્ધ કૃષ્ણમય જગત અર્થાત્ ભગવાન સ્વક્રીડાર્થે જ નામ અને રૂપના ભેદથી પ્રકટ થયેલા છે અને તેથી આ જગતમાં કૃષ્ણ સિવાય અન્ય કાંઈ નથી, એમ પ્રતિપાદન કરી શુદ્ધાદ્વૈતવાદ અને પુષ્ટિમાર્ગની વિજય ફરકાવી. રાજા કૃષ્ણદેવ તો આપના પ્રભાવથી દિઙ્મુઢ થઈ ગયેલો હતો. ને વૈષ્ણવ મતનો વિજય જોઈ હર્ષિત થઈ પૂર્ણ આદર સહિત શ્રીવલ્લભાધીશ પ્રભુને શરણે (રાજા કૃષ્ણદેવની સભામાં થયેલો શાસ્ત્રાર્થ) ગયો. શ્રીમદાચાર્યચરણે સુવર્ણાભિષેકનું સુવર્ણસ્નાન જલ માની ગ્રહણ નહિ કર્યું."

આટલા બધા પૂરાવા ઉપરથી જોઈ શકાશે કે શ્રીવલ્લભાચાર્યજીનો કનકાભિષેક થયો છે એમાં કંઈ શંકા જ નથી. તમો ભાઈ એમ તો કબૂલ કરો છો કે હું શ્રીવલ્લભાચાર્યજીનો અનુયાયી છું, અને શ્રીનાથજીનો પૂજારી છું, તો તમે તેઓશ્રીના સંપ્રદાયના સપ્રમાણ મનાતા ગ્રન્થો અને ૪૦૦ વર્ષથી મુક્ત કંઠે વૈષ્ણવો પઠન-મનન કરે છે તે પૈકી કોઈ પણ ગ્રન્થ ન સ્વીકારો એ કેવું કહેવાય? એ તમારૂં મંતવ્ય કેટલે દરજ્જે વ્યાજબી છે? તો શું એ ગ્રન્થો અમારે ન માનવા? અને કેવળ એકજ ગ્રન્થ ઉપરથી તમો કહો છો તે માનવું એ કયાંનો ન્યાય?

મી. રંગીલદાસ! તમે તમારા લેખના સેક્સન ૧૪ માં કબૂલ જ કરો છો "કનકાભિષેક ન થયો હોય તો પણ આચાર્યજીની વિદ્વત્તા ને પુજ્યતામાં કંઈ ન્યૂનતા થઈ જવાની નથી. વગેરે" તો ભાઈ આચાર્યશ્રીને કનકાભિષેક નથી થયો એ વાત ખોટી ઠેરવવા માટે ગિરનારની ૭ મી ટૂંક ખોદી નાખી ને હિમાલયનું એવરેસ્ટ શિખર ઉખેડી નાખવા જેટલી જબરદસ્ત મહેનત કર્યાથી તમને કેટલું ફળ મળ્યું? ભલા! આથી તો જો તમે શ્રીવલ્લભાચાર્યજીના ખરેખરા જ અનુયાયી હો તો આચાર્યશ્રીના ગ્રન્થો પૈકી "સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ:" (ચતુ:શ્લોકી) ઇત્યાદિ ગ્રન્થોના પાઠ કરીને જ ઇતિશ્રી માની હોત તો શું અડચણ હતી? અથવા જો તમે માનતા હો તો

અષ્ટાક્ષર મંત્ર શ્રીવલ્લભાચાર્યજીનો જ બનાવેલો "**શ્રીકૃષ્ણઃ શરણં મમ**" કહીને જપ કરી બેસી રહ્યા હોત તો શું? જ્યારે તમે આચાર્યશ્રીની વિદ્વત્તાના પૂજક છો તો આટલો ભગીરથ પ્રયત્ન કરવાનું શું કારણ હશે? આપ જે પુરાવાથી કનકાભિષેક નથી થયો એમ કહો છો એવા બાહ્ય પૂરાવા કેટલા સબળ છે તેનો જવાબ આપતા પહેલાં આપને પૂછી લઉં કે આપના પિતાશ્રીએ નાણાંથી ભરેલી તર તિજોરી આપને સોંપી, કુંચીઓનો ઝુમખો પણ આપ્યો હોય. તેનો ઉપયોગ ન કરીને પૈસા વિના બીજે ફાંફાં મારવા જાઓ એવી વાત કરો છો એથી શું અર્થ સરે છે?

એક મારી નજરે જોયેલો દાખલો આપું છું. એક......ગામમાં એક .... ધનાઢય શેઠ રહેતા હતા. પોતે ઉદારચરિત હતા, છૂટે હાથે નાણાંનો સદુપયોગ કરતા. સમયને લઈને સ્થિતિ નરમ થઈ, પોતે પાછલા ચોપડા તપાસ્યા તેમાં લખેલું હતું કે અમુક ઠેકાણે અમુક નાણું અનામત રાખ્યું છે. પણ તે જ્યારે તેમને ઘણી ભીડ પડે ત્યારે કાઢવું એવી વડીલોની આજ્ઞા હતી. પોતે અત્યંત કષ્ટમાં આવી પડેલ હોવાથી તે જગાએ તપાસ કરી તો લખવા પ્રમાણે બધું મળી આવ્યું, પણ ભાઈશ્રી! તમે તમારી તિજોરીનો તો ઉપયોગ નથી કરતા. તમે પોતાને શ્રીવલ્લભચાર્યજીના અનુયાયી મનાવો છો તો તેમના ગ્રન્થો શું બધાજ ખોટા છે એમ તમે હિંમતથી કહી શકશો ખરા? તમે એકલા કહો તો જુદી વાત છે બાકી વૈષ્ણવો તો તેમ કહેવા તૈયાર નથી જ. બાકી તમારી તુલનાત્મક શક્તિએ જો ધોળા અને કાળા બંને બાજુ બતાવી હોત તો ખરી વાત હતી; આપે આપેલા પુરાવા બધા એકદેશી અને બાહ્ય પુરાવા છે તેવા પુરાવા સપ્રમાણ કેમ માની શકાય?

બાહ્ય પુરાવા એકદેશી છે—તમારી દલીલ કેટલી વિશ્વસનીય છે તેનો વિચાર કરીએ. તમારા લેખના સેક્શન (૨) માં ફકરો છેલ્લો.

કૃષ્ણદેવરાજા વલ્લભમતાનુયાયી થયો નથી એમ કહો છો તો પછી ભાઈશ્રી વિદ્યાનગરમાં શ્રીવલ્લભાચાર્યજીની બેઠક શા ઉપરથી થઈ હશે? આચાર્યશ્રીની ૮૪ બેઠકો છે તે પૈકીની એ બેઠક છે. તો શું તે પણ ખોટું છે એમ મનાવો તે વૈષ્ણવો કેમ માને? જો કે આ બેઠક હાલ ગુપ્ત છે પણ સમય આવે પ્રકટ થશે.

તમારા લેખના સેક્શન ૩ માં તમે કબૂલ કરો છો. જે ગ્રન્થ વ્યાસયોગિચરિતમ્‌નો તમે સબળ આધાર લ્યો છો. તેજ ગ્રન્થમાં કૃષ્ણદેવ રાજાને ત્યાં ધર્મના વાદવિવાદ માટે પ્રચંડ સભા મળી હતી અને તે વાદવિવાદ ઘણા દિવસ ચાલ્યો હતો. છેલ્લે શ્રીવલ્લભાચાર્યજી આવ્યા, કૃષ્ણદેવરાયે તેમનો સારો સત્કાર કર્યો હતો વગેરે. એટલું તો ચોક્કસ છે કે શ્રીવલ્લભાચાર્યે કૃષ્ણદેવરાયની, શ્રીવ્યાસતીર્થની, અને સભામાં હાજર રહેલાં બીજા વિદ્વાનો અને પંડિતો ઉપર પોતાની વિદ્વત્તાની ઘણી સારી છાપ પાડી હતી. જો આટલું બધું તમે સત્ય માનો છો તો પછી કનકાભિષેક જરૂર કર્યો હોવો જ જોઈએ એમાં વળી શંકા શી હોઈ શકે? ભલા તમે એક વાત માનો ને બીજી ન માનો તે કેમ ચાલે? કેવી રીતે ટકી શકે?

૧ તમારા લેખ સેક્શન ૪ કઈશ ૧ માં વ્યાસતીર્થનું સ્વાગત સન્માન કર્યું લખો છો એ ખરૂં પણ તેમાંથી કનકાભિષેક વ્યાસતીર્થને થયાનું સ્પષ્ટ નથી નીકળતું.

૨ સેક્શન ૩ ઉપરથી રત્નાભિષેક કર્યો લખો છો પણ કનકાભિષેકનું સિધ્ધ થતું નથી.

૩ સેક્શન ૪ માં તમે કબૂલો છો કે જે સભાના પ્રમુખપદે વ્યાસરાય હતા તે સભામાં કૃષ્ણદેવરાયે શ્રીવલ્લભાચાર્યને માન આપ્યું હતું. આ કબૂલ કરો છો તો પછી કનકાભિષેક નથી થયો એમ કેમ કહી શકાય? ત્યાંજ વ્યાસયોગિચરિતમ્‌નો લેખક પોતે "જેને માંડવે બેસે તેનાંજ ગીત ગાય" એ ન્યાયે વ્યાસરાયને કનકાભિષેક થયાનું લખે એ કેમ માની શકાય? ત્યાંજ લેખક પોતે ઉલટી ગુલાંટ મારે છે એમ કેમ ન મનાય? તો શું અમે વૈષ્ણવો એવા લેખકના લેખ ઉપર કેમ વિશ્વાસ રાખીએ? એ વિચારવા જેવી વાત છે.

આ ઉપરથી સં. મી. તેલીવાળા મી. નટવરલાલ શાહનું મંતવ્ય ખોટું છે એમ તમે એકલાજ કહો તેથી શું વળે તેમ છે? આથી વ્યાસયોગિચરિતમ્‌ના લેખકના લેખની હકીકત કેવળ એકદેશી અને પક્ષપાતી છે એ સ્પષ્ટ પૂરવાર થાય છે. એ લેખ તટસ્થ છે એમ કહી શકાય પણ નહિ માની શકાય પણ નહિ.

તમારા લેખના સેક્શન ૮ માં મીસ્થુએલની સાક્ષીથી પણ વ્યાસરાયને કનકાભિષેક થયાનું સાબિત થતું નથીજ.

તમારા જ લેખના સેક્શન ૮ માં સોમનાથભટ્ટરચિત વ્યાસયોગિચરિતમ્‌નો ઉલ્લેખ કરો છો તેમાં પણ વ્યાસરાયને કનકાભિષેક થયો છે એમ જણાંતુ જ નથી. હા કૃષ્ણદેવરાયની સભામાં વ્યાસયોગિનું બહુ માન હતું. એ સાબિત થાય છે પણ તેથી કાંઈ કનકાભિષેક થયો છે એ સિધ્ધ થતું નથી જ.

તમારા લેખના સેક્શન ૯ માં જણાવો છો કે કૃષ્ણદેવરાયના ગુરૂ વ્યાસરાય છે, એ વાત ખરી પણ તે ગુરૂ કયાં સુધી હતા તેનો વિચાર કરીએ. શ્રીવલ્લભાચાર્યનો વાદ થતાં પહેલાંની એ વાત જુઓ, સંવત ૧૫૨૬ ની સાલમાં લખો છો જ્યારે શ્રીવલ્લભાચાર્યજીનો જન્મ સંવત ૧૫૩૫ માં છે ને વાદસભા સં. ૧૫૪૫-૪૮ માં થઈ મનાય છે. એટલે તમારી હકીકત ખોટી છે તેને ટેકો મળતો નથી. અર્થાત્ શ્રીવલ્લભાચાર્યજીના વિજય પછીથી કૃષ્ણદેવરાય તેમનો સેવક થયો હોવોજ જોઈએ એ દીવા જેવું દેખાઈ આવે છે. એ તમારા જ લેખ પરથી સાબિત થાય છે. આ ઉપરથી પણ શ્રીવલ્લભાચાર્યનો કનકાભિષેક થયો છે એ સિધ્ધ થાય છે.

તમારા લેખના સેક્શન ૧૦ ના જવાબમાં શાસ્ત્રી વસંતરામે શોધ કરી છાપેલો સાવલીનો તાડપત્ર વાંચો. એથી તમારા મનની ખાતરી થશે. શ્રીવલ્લભાચાર્યનો કનકાભિષેક થયો છે એ ખરેખર સિધ્ધ જ છે. તમારા લેખનો સેક્શન ૧૧ કનકાભિષેકને લગતો નથી તેથી તેનો જવાબ નથી આપ્યો.

કનકાભિષેકની ઐતિહાસિકતા.

સેક્શન ૧૨ ઉપર પ્રમાણે કનકાભિષેકને લગતો નથી. માત્ર લેખ મોટો કરવા ખાતર જ એવો અસંબદ્ધ કઈશે મુકવાનું શું કારણ હશે? તેથી જ તેનો જવાબ આપવાનું યોગ્ય ધાર્યું નથી.

સેક્શન ૧૩ તિલકાયત શ્રીગોવર્ધનલાલજી મહારાજ કે શાસ્ત્રીજી મગનલાલે તેમને જવાબ ન આપ્યો તેથી કનકાભિષેક થયો નથી એમ તમે માનો ને લખો કે એક પણ પૂરાવો નથી મળતો એવું અગડંબગડં તમે લખી મારો તે અન્ય વૈષ્ણાવો કેમ માને?

સેક્શન ૧૪ માં તમે કબૂલ કરો છો જ કે તેથી કંઈ વિદ્વત્તા કમી થતી નથી વિગેરે તો ભાઈશ્રી! તમે શ્રીવલ્લભાચાર્યને માનો છો; તેમની વિદ્વત્તા ને પૂજ્યતા સ્વીકારો છો, તો પછી આટલો મોટો સાગર ઉલેચી નાખવાનો મિથ્યા પ્રયત્ન કર્યાથી શું વળે તેમ હતું?

ઉપસંહાર

મી. રંગીલદાસ! શ્રીવલ્લભાચાર્યજીને કનકાભિષેક નથી થયો તે માટે માત્ર એક જ ગ્રન્થ "વ્યાસયોગિચરિતમ્" પૂરાવો તમે આપો છો ને તેટલાજ ઉપરથી માની બેઠા છો કે અભિષેક નથી થયો ત્યારે આ અમારા જવાબમાં અત્રે **શ્રીવલ્લભાચાર્યજીને કનકાભિષેક થયો છે એ વાત સર્વથા સત્ય છે ને નિર્વિવાદ સિદ્ધ છે એવું લગભગ ૫૦ ગ્રન્થોમાંથી તમને સાબિત કરી આપ્યું છે.** જ્યારે તમારો એકજ ગ્રન્થ સામો મૂકાય છે ને તે ફક્ત એકદેશીય લખેલો સ્પષ્ટ પ્રતીત થાય છે. માટે ભાઈશ્રી આપનો ભ્રમ દૂર કરી કનકાભિષેક થયો છે જ એમ સત્ય માનો.

અમારૂં મંતવ્ય

આપ એમ નહિ માનતા કે વ્યાસતીર્થ પ્રત્યે અમને દ્વેષ છે. તેથી જ અમે આટલું લખીએ છીએ. આ તો તમે ઉલટી નદી વહેવડાવી ત્યારે આપના લેખનું અમારે આમ ખંડન કરવું પડયું. બાકી તો શ્રીવ્યાસરાજસ્વામી એક સમર્થ વિદ્વાન છે, ભક્તિમાર્ગના ચાર પ્રધાન સંપ્રદાયમાં એક પ્રધાન સંપ્રદાયના એઓશ્રી આચાર્ય છે. ને 'આચાર્ય માં વિજાનીયાત્' માટે વ્યાસરાજસ્વામી પણ ભગવાનનું સ્વરૂપ છે એ અમારા મતે તો નિર્વિવાદ સિધ્ધ છે જ અને કૃષ્ણદેવરાજાએ તેમને પણ એક તો શું પણ અનેક વખત કનકાભિષેક કર્યો વખતે વ્યાસરાજસ્વામીને પણ 'કનકાભિષેક' કર્યો છે જ એમ અમારૂં મંતવ્ય છે. એક વખતે એકથી વધુ વિદ્વાનોને રાજા અભિષેક કરી શકે છે.

શ્રીવલ્લભાચાર્યજીને કનકાભિષેક થયાના-બીજા ઘણાય પુરાવા છે. પણ લેખવિસ્તારના ભયથી આપ્યા નથી. શ્રીવલ્લભાર્ચાજીને કનકાભિષેક થયો એથી જ અત્રે વૈષ્ણાવો આપશ્રીને વધુ માનીશું ને નથી થયો એમ માનીએ તો શું ઓછા માનીશું એવું કઈ નથી. વૈષ્ણાવોને કનકાભિષેક સાથે લેવા દેવા નથી. વૈષ્ણાવોને મન તો શ્રીવલ્લભાચાર્યજી એક સમર્થ પ્રભુ છે જ.

વિજયાદશમી. સં. ૧૯૮૮

લલ્લુભાઈ છગનલાલ દેસાઈ

પ્રાપ્તિસ્થાન :

૧) **ડો. મહેન્દ્ર એચ. મહેતા,**
એ/૧૧, ૩૦૦, શંકરશેઠ બ્લોક્સ,
જાવજી દાદાજી રોડ, નાનાચોક,
મુંબઈ - ૪૦૦ ૦૦૭. ફોન : ૦૨૨-૨૩૮૬ ૪૪૪૦ / ૨૨૪૦ ૪૧૯૧

૨) **શ્રી વલ્લભાચાર્ય ટ્રસ્ટ**
કંસારા બજાર, માંડવી, જિ. કચ્છ, ગુજરાત-૩૭૦ ૪૬૫.
ફોન : ૦૨૮૩૪ - ૨૩૧૪૫૩, ૨૨૪૩૦૬

૩) **શ્રી. સુનિલભાઈ ટી. જાગીરદાર**
૪૪, સંગમ સોસાયટી, પાર્લે પોઈન્ટની નજીક,
આથવાલાઈન્સ, સૂરત - ૩૯૫ ૦૦૭.
ફોન : ૦૨૬૧ - ૨૨૨૭૨૬૩

૪) **ડો. પીયૂષ પરીખ,** એમ. બી. બી. એસ.
સોનેરી લાઈન્સ, ભરૂચ, ગુજરાત.
ટે. નં. ૦૨૬૪૨ - ૨૪૦૩૩૭

૫) **શ્રીમતી કલ્પનાબેન જનકભાઈ શાહ**
૩૫, લાડ સોસાયટી, વસ્ત્રાપુર,
અમદાવાદ - ૩૮૦૦૧૫. ફોન : ૦૭૯-૬૮૫૨૧૦૧

૬) **શ્રી. જીતેન્દ્રભાઈ પરીખ**
યમુના વિહાર, ૨૩, નૂતનભારત સોસાયટી,
અલકાપુરી, વડોદરા, ૩૯૦ ૦૦૭. ફોન : (૦૨૬૫) ૨૩૪૦૩૩૩

૭) **શ્રી. નરેન્દ્રભાઈ શાંતિલાલ શાહ**
૧૧૧, એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ,
ફોરજેટ હીલ, તારદેવ, મુંબઈ - ૪૦૦ ૦૩૬.
ફોન : ૦૨૨-૨૩૫૧ ૩૮૭૧

મુદ્રકનું નામ : જસનીલ પ્રીન્ટસ્
૪/એફ, સુન્દરધામ, એસ. વી. રોડ, રામબાગ લેન,
બોરિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨
ફોન : ૨૮૫૨ ૧૨૫૧